RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર


# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 14, Dt.28-03-2024 Thursday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ચૂંટણી બોન્ડ વિશ્વનું સૌથી મોટું કૌભાંડ-FMના પતિનો દાવો






## ભાજપની લડાઈ વિરોધ પક્ષો કે અન્ય કોઈ પક્ષો સાથે નહીં હોય પરંતુ ખરી લડાઈ ભાજપ અને દેશની જનતા વચ્ચે જોવા મળશેઃ નાણાંમંત્રી નિર્મલા સિતારમનના પતિએ કર્યો મોટો દાવો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારમણના પતિ અર્થશાસ્ત્રી પરાકલા પ્રભાકરે ઈલેક્ટોરલ બોન્ડ મુદ્દે મોટી ટિપ્પણી કરી છે. તેમણે દાવો કર્યો કે આ માત્ર દેશનું સૌથી મોટું કૌભાંડ નથી, પરંતુ વિશ્વનું સૌથી મોટું કૌભાંડ છે. ન્યૂઝ ચેનલ પરિપોર્ટર ટીવીથ સાથે વાતચીત દરમિયાન તેમણે કહ્યું કે, પમને લાગે છે કે ઈલેક્ટોરલ બોન્ડનો મુદ્દો ખૂબ જ મહત્વપૂર્ણ મુદ્દો બની જશે. ભાજપની લડાઈ વિરોધ પક્ષો કે અન્ય કોઈ પક્ષો સાથે નહીં હોય, પરંતુ આ મુદ્દાને કારણે ખરી લડાઈ ભાજપ અને ભારતની જનતા વચ્ચે જોવા મળશે.

નાણાપ્રધાનના પતિ એ પત્રકારને આગળ કહ્યું કે, પમને લાગે છે કે ચૂંટણી બોન્ડ સંબંધિત મુદ્દો આજની સરખામણીએ વધુ વેગ પકડશે. તે ઝડપથી સામાન્ય લોકો સુધી પહોંચી રહ્યો છે. હવે બધા ધીમે-ધીમે સમજી રહ્યા છે કે આ ભારતનું જ નહીં પણ વિશ્વનું સૌથી મોટું કૌભાંડ છે. આવી સ્થિતિમાં મને લાગે છે કે આ મુદ્દાને કારણે આ સરકારને મતદારો દ્વારા સખત સજા કરવામાં આવશે.થ નાણાપ્રધાનના પતિ પરાકલા પ્રભાકર જાણીતા અર્થશાસ્ત્રી છે. તેમણે ૨૦૧૪થી ૨૦૧૮ સુધી આંધ્ર પ્રદેશ સરકારમાં સેવા આપી હતી, જયારે તેઓ સંચાર સલાહકાર પણ હતા. આંધ્ર પ્રદેશના પશ્ચિમ ગોદાવરી જિલ્લાના નરસાપુરમમાં ૨ જાન્યુઆરી, ૧૯૫૯ના રોજ જન્મેલા પરાકલા પ્રભાકર, વર્ષ ૧૯૯૧માં લંડન સ્કૂલ ઓફ ઈકોનોમિકસ એન્ડ પોલિટિકલ સાયન્સમાં અભ્યાસ કર્યો હતો. આ સિવાય તેમણે કેટલાક પુસ્તકો પણ લખ્યા છે.ચૂંટણી બોન્ડ દ્વારા ૨૦૧૯થી ૧,૨૭,૬૯,૦૮,૯૩,૦૦૦ રૂપિયા દેશના ઉદ્યોગોમાંથી રાજકીય પક્ષો અને વ્યકિતગત સ્તરે કેટલીક વ્યકિતઓને દાનમાં આપવામાં આવ્યા હતા.

# રાજયમાં સુર્યનારાયણનો આકરો પ્રકોપઃ અનેક સ્થળોએ તાપમાન ૪૧ ડિગ્રીને આંબ્યુ

## રાજકોટ, અમદાવાદ, અમરેલી, સુરેન્દ્રનગર અને ગાંધીનગરમાં પારો ૪૧ ડિગ્રીને પાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સૌરાષ્ટ્ર-ગુજરાતમાં હિટવેવની અસર હેઠળ અનેક સ્થળોએ કાળઝાળ ગરમી નોંધાવા લાગી છે અને ૪૦થી ૪૨ ડિગ્રી આસપાસ તાપમાનથી લોકો અકળાયા લાગ્યા છે. ઉલ્લેખનીય છે કે ગઇકાલે અમદાવાદ એરપોર્ટ ઉપર હાઇએસ્ટ ૪૨.૮ ડિગ્રી સહિત રાજયમાં ૧૦ સ્થળોએ ૪૦થી ૪૧ ડિગ્રી ઉપર મહતમ તાપમાન નોંધાયું હતું.



રાજકોટ શહેરમાં ગઇકાલે સતત ત્રીજા દિવસે મહતમ તાપમાન ૪૧ ડિગ્રી નોંધાતા નગરજનોએ અંગ દઝાડતો તાપ સહન કર્યો હતો. જયારે અમદાવાદ શહેરમાં ૪૧.૧ ડિગ્રી, અમરેલીમાં ૪૧.૬, વડોદરામાં ૪૦.૪, ભૂજમાં ૩૯.૯, છોટા ઉદેપુરમાં ૩૯.૪ તથા ડાંગમાં ૩૯.૬, ડિસામાં ૪૦.૩, ગાંધીનગર ખાતે ૪૧ ડિગ્રી, કંડલામાં ૩૫ અને નર્મદા જિલ્લામાં ૪૦.૪, ઉપરાંત પોરબંદરમાં ૩૩.૩, સુરતમાં ૩૬.૬, સુરેન્દ્રનગરમાં ૪૧.૬ ડિગ્રી અને વેરાવળ ખાતે ૩૦.૧ ડિગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

તેમજ સોરઠમાં પણ માર્ચ માસના અંતિમ દિવસોમાં આકાશમાંથી અગનજવાળા વરસી રહી છે. ગરમીએ જોર પકડતા ગઇકાલે જુનાગઢમાં તાપમાન ૪૦.૫ ડિગ્રીએ પારો નોંધયો હતો. જે સીઝનનો સૌથી ગરમ દિવસ રહેવા પામ્યો હતો. હજુ પણ ગરમીનો પારો ઉંચો જઇ રહ્યો છે.સવારના ઠંડક બાદ બપોરના તાપમાન વધીને ૪૦.૫ ડિગ્રીને પહોંચી જવા પામતા લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે.આકરા તાપના કારણે રોડ, રસ્તામાં બપોરના સ્વયંભુ કર્ફયુ જેવી હાલત થવા પામી છે. મહતમ તાપમાન ૪૦.૫ ડિગ્રી લઘુતમ ૨૫ ડિગ્રી અને પવનની ગતિ પ્રતિકલાક ૪.૫ કિ.મી. નોંધાઇ છે.

ભાવનગરમાં પણ ગરમીનું જોર વધી રહ્યું છે. રાત્રે ઉષ્ણતાપમાન વધીને ૨૮.૮ થયું છે અને બપોરનું તાપમાન ૩૮.૬ ડિગ્રીને આંબી જતા ગરમીનું જોર વધ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ખાસ કરીને સૌરાષ્ટ્ર-કચ્છમાં વહેલી સવારે અને રાત્રે ઠંડક બાદ મોડી સવારથી તાપમાન વધવા લાગે છે અને ગરમીનો અનુભવ થવા લાગે છે.

# ચૂંટણી સમયે સરકારે આપી શ્રમિકોને ભેંટઃ મનરેગાના વેતનમાં કરાયો વધારો

## બજેટમાં જ જાહેરાત થઈ હોવાથી ચૂંટણી આચાર સંહિતા નડશે નહીંઃ ગોવામાં સૌથી વધુ અને ઉત્તર પ્રદેશમાં સૌથી ઓછો વધારો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણી પુર્વે જ સરકારે એક મહત્વના નિર્ણયમાં ગ્રામીણ ક્ષેત્રે રોજગારી માટે અમલમાં રહેલી મહાત્મા ગાંધી ગ્રામીણ રોજગાર ગેરેંટી યોજના (મનરેગા) હેઠળ શ્રમિકોને મળતા વેતનમાં વધારો કર્યો છે.

સરકારે બહાર પાડેલા જાહેરનામા મુજબ દરેક રાજયમાં હવે શ્રમિકોને વધુ મજૂરી મળશે. ગોવામાં ૧૦.૫૬ ટકાનો વધારો થયો છે જયારે ઉતરપ્રદેશમાં ૩.૪ ટકાનો વધારો થયો છે.



ગોવાના મનરેગા હેઠળના શ્રમિકોને રૂ.૩૨૨ પ્રતિદિન મળતા હતા તે હવે રૂ.૩૫૬ મળશે. કર્ણાટકમાં રૂ.૩૧૬ સામે રૂ.૩૪૯, મધ્યપ્રદેશ અને છતીસગઢમાં રૂ.૨૨૧ સામે નવા વેતન રૂ.૨૪૩ મળશે. હરિયાણા, આસામ, મણીપુર, અરૂણાચલપ્રદેશ, નાગાલેન્ડ, કેરળ અને લક્ષદ્વીપમાં પણ વધારો થયો છે. દેશમાં હાલ મનરેગા હેઠળ ૧૪.૨૮ કરોડ શ્રમિકો વર્ષમાં ઓછામાં ઓછા ૧૦૦ દિવસ આ પ્રમાણે વેતન મેળવે છે. કેન્દ્રીય બજેટમાં આ જાહેરાત કરવામાં આવી હતી તેથી તેને આચારસંહિતાનો અમલ નડશે નહી તેવું માનવામાં આવે છે.

# લોકસભાની ચૂંટણી માટે ભાજપની સાતમી યાદી જાહેર, અમરાવતી-ચિત્રદુર્ગના ઉમેદવારના નામ જાહેર

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ભાજપે વધુ એક યાદી જાહેર કરી છે. ભાજપે બુધવારે પોતાની સાતમી યાદીમાં બે ઉમેદવારોના નામની જાહેરાત કરી છે. ભાજપે મહારાષ્ટ્રની અમરાવતી બેઠકથી શ્રીમતી નવનીત કૌર રાણાને મેદાનમાં ઉતાર્યા છે. કર્ણાટકના ચિત્રદુર્ગા બેઠકથી ગોવિંદ કરજોલને ઉમેદવાર બનાવ્યા છે.





જણાવી દઈએ કે, ભાજપે મંગળવારે લોકસભા ચૂંટણી માટે છઠ્ઠી યાદી જાહેર કરી હતી. જેમાં ત્રણ ઉમેદવારોના નામની જાહેરાત કરી હતી. મણિપુર સરકારમાં મંત્રી થૌનાઓજમ બસંત કુમાર સિંહને આંતરિક મણિપુર બેઠક પરથી મેદાનમાં ઉતારાયા છે. રાજસ્થાનના દૌસાથી કનૈયાલાલ મીણાના નામની જાહેરાત કરાઈ છે. જ્યારે કરૌલી-ધૌલપુરથી ઈન્દુ દેવી જાટવને ટિકિટ અપાઈ છે.

અગાઉ ભાજપે ગુજરાતમાં પેટા ચૂંટણીના ઉમેદવાર જાહેર કર્યા હતા. જેઓ વિપક્ષમાંથી ભાજપમાં આવેલા છે તે તમામને ટિકિટ અપાઈ છે. જેમાં પોરબંદરથી અર્જુન મોઢવાડિયા, માણાવદરથી અરવિંદ લાડાણી, ખંભાતથી ચિરાગ પટેલ, વાઘોડિયાથી ધર્મેન્દ્રસિંહ વાઘેલા અને વિજાપુરથી સી.જે.ચાવડાને ટિકિટ અપાઈ છે. તો બીજી તરફ ગુજરાતમાં આ પાંચેય બેઠકો પર કોંગ્રેસના ઉમેદવાર જાહેર કરાયા નથી.

# લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારોએ ચૂંટણીપંચની ગાઈડ લાઈન અનુસાર ખર્ચ કરવો પડશે

**મુખ્ય સમાચાર, મુંબઈ**

લોકસભાની ચૂંટણીની તારીખ જાહેર કરવામાં આવ્યા પછી હવે તમામ પાર્ટીના ઉમેદવારો પોતાના મતદારોને રિઝવવા માટે તૈયારીઓ શરુ કરી છે, પરંતુ ચૂંટણી પંચે એ ખર્ચ માટે પણ નિયત માર્ગદર્શિકા જાહેર કરી છે. લોકસભાની ચૂંટણીમાં ઉમેદવારોના ખર્ચ પર ભારતીય ચૂંટણી પંચની નજર રહેશે.




ચૂંટણીના પ્રચારમાં જેમની પાછળ ખર્ચ કરવામાં આવે છે તેવી તમામ વસ્તુઓના ભાવ નક્કી કરવામાં આવ્યા છે. ઉમેદવાર જો પોતાના કાર્યકર્તાઓ માટે ચા, પાણી અને નાસ્તા/ખાવાપીવાની વ્યવસ્થા કરે છે તો તેનો હિસાબ ચૂંટણી પંચે નક્કી કરેલા રેટના પ્રમાણે આપવાનો રહેશે. જો કોઈ ઉમેદવાર કોઈને ચા પીવડાવે તો વ્યક્તિદીઠ ૨૦ રૂપિયા, કોફી માટે ૩૦ અને વડાપાવ માટે ૨૫ રૂપિયા સુધી ખર્ચ કરી શકે છે. આ ઉપરાંત, ઝંડાથી લઈને ખુરશી સુધીનો ભાવ નક્કી કરવામાં આવ્યો છે.

ચૂંટણી પંચના અધિકારીના જણાવ્યા મુજબ પંચ તરફથી દરેક બાબતનું ખૂબ બારીકાઈથી ધ્યાન રાખવામાં આવી રહ્યું છે, જેથી નિયમો પ્રમાણે જ ચૂંટણી સંપન્ન થાય. પાર્ટિયો તરફથી ઉમેદવારોના નામની જાહેરાત થયા બાદ ડોર-ટુ-ડોર પ્રચાર કરવામાં આવે છે.

આ ઉપરાંત રેલી, સભા અને લાઉડ સ્પીકર સહિત ઢોલ-નગારાનો ઉપયોગ પણ થાય છે. એટલા માટે જ ચૂંટણી પંચે તમામ વસ્તુની કિંમત નક્કી કરી છે. આ ઉપરાંત, ઉમેદવારો તરફથી રથ પણ ઉપયોગમાં લેવાય છે. ચૂંટણી પંચે રથના ભાડામાં બે કલાકના ૧૫,૫૫૦ અને ત્રણ કલાકના ૨૨,૦૦૦ રૂપિયા નક્કી કર્યા છે. આ પ્રમાણે જ ઢોલ અને તાશાના પણ ભાવ આપવામાં આવ્યા છે.

ચૂંટણી લડી રહેલા તમામ ઉમેદવારે પોત-પોતાનો ખર્ચ પંચ દ્વારા નક્કી કરાયેલી કિંમત અનુસાર ડાયરીમાં લખવા પડશે. આ વખતે રેલીઓમાં ઉપયોગમાં લેવાતા ઝંડાની કિંમત સાઈઝના આધારે નક્કી કરવામાં આવી છે. કપડાંનો નાનો ઝંડો સાત રૂપિયા, સિલ્ક ઝંડો ૪૦ રૂપિયા, જમ્બો ઝંડો ૭૦ રૂપિયા અને બિગ જંબો ઝંડાની કિંમત ૨૬૦ રૂપિયા નક્કી કરવામાં આવી છે. આ સાથે ટોપી, મફલર અને માસ્કની પણ કિંમત પંચે નક્કી કરી છે. ઓપન સ્પેસમાં મીટિંગ અથવા તો સ્ટેજ માટે ૫૦ રૂપિયા પ્રતિ સ્કેવરફૂટ ખર્ચ કરવો પડશે. કલર કટઆઉટના ૧૮૦ પ્રતિ સ્કેવરફૂટ, કાર્યાલયથી લઈ મીટિંગમાં પ્લાસ્ટિકની ખુરશીનો ઉપયોગ થાય છે, માટે તેનું ભાડું પ્રતિદિન ૨૦ રૂપિયા અને ફોલ્ડિંગ ટેબલ અને ઝાલરનું ભાડું ૫૦ રૂપિયા પ્રતિદિન નક્કી કરવામાં આવ્યું છે. ચૂંટણી પંચે જાહેર કરેલી યાદી અનુસાર જ ખર્ચ કરવાનો રહેશે, જ્યારે સૂચિત ગાઈડલાઈનની બહાર ખર્ચ કરી શકશે નહીં, એમ ચૂંટણી પંચે અહેવાલમાં જણાવ્યું હતું.

# પરષોત્તમ રૂપાલાએ અમારી અસ્મિતા પર ઘા કર્યો છેઃ ક્ષત્રિય સમાજ લાલઘુમ

## ભાજપને સમાજ કરતાં રૂપાલા વ્હાલા હોય તો પરિણામ ભોગવવા તૈયાર રહેજોઃ રાજકોટ બેઠક પર રૂપાલા વિરૂધ્ધ મતદાન કરવા ક્ષત્રિય સમાજનો નિર્ણય

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ વિશે કરેલી ટિપ્પણીને લઈ ક્ષત્રિય સમાજમાં રોષ હજુ સમ્યો નથી. આજે અમદાવાદમાં ગુજરાત રાજ્યની રાજપૂત સંસ્થાઓની સંકલન સમિતિની બેઠક મળી હતી. આ બેઠકમાં પરસોતમ રૂપાલાનો બહિષ્કાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આગામી દિવસોમાં પરસોતમ રૂપાલના વિરોધમાં આવેદન અપાશે તથા વિરોધ કરવામાં આવશે. આ ઉપરાંત રૂપાલા જ ચૂંટણી લડશે તો તેમના વિરોધમાં મતદાન કરવામાં આવશે. બેઠકમાં ભાજપ 'તુજસે બેર નહીં રૂપાલા તેરી ખેર નહીં'ના નારા પણ લગાવ્યા હતા.



પુરૂષોતમ રૂપાલાએ પોતાના નિવેદન બદલ વીડિયો બનાવી ક્ષત્રિય સમાજની માફી પણ માગી લીધી હતી. છતા આજે અમદાવાદના ગોતામાં રાજપૂત ભવનમાં ક્ષત્રિય સમાજની મહાબેઠક મળી છે. આજની બેઠકમાં ક્ષત્રિય સમાજની ૯૦ સંસ્થાના આગેવાનો હાજર રહ્યા છે. રૂપાલાના વિવાદિત નિવેદનથી આજની બેઠકમાં આગામી રણનીતિની ચર્ચા કરવામાં આવી છે. બેઠકમાં રૂપાલાનો વિરોધ કરી ભાજપને ઉમેદવાર બદલવા જણાવ્યું છે. સમાજના ૧૭ ટકા મતદારો છે. જેથી રાજકોટ બેઠક પર રૂપાલા લડે તો તેમની વિરુદ્ધમાં મતદાન કરવા નિર્ણય કરવામાં આવ્યો છે.

ગોહિલ સમાજના પ્રમુખ વાસુદેવસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, પુરૂષોતમ રૂપાલાએ વોટ બેંક માટે અન્ય સમાજના કાર્યક્રમમાં રાજપૂત સમાજ પર ટિપ્પણી કરી હતી. અમે આ અંગે આવેદન આપ્યા છે. આગામી સમયમાં પૂતળા દહન પણ કરીશું. તેમણે માફી માગી છે પરંતુ સમાધાન માન્ય નથી. સમાજની એક જ માગ છે કે, રૂપાલાની ટિકિટ રદ કરવામાં આવે. અમને ભાજપ સામે કોઈ વાંધો નથી, અમને ફક્ત પુરૂષોતમ રૂપાલા સામે વાંધો છે. રૂપાલા જ રાજકોટની બેઠક પરથી ચૂંટણી લડશે તો ક્ષત્રિય સમાજ તેમની તાકાત બતાવશે. સમાજના ૧૭ ટકા મતદારો છે. પરિણામ બદલવાની તાકાત અમારા સમાજમાં છે.

સમાજના આગેવાન વીરભદ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, રાજકોટની બેઠક પરથી રૂપાલાની ટિકિટ રદ થવી જોઈએ. રૂપાલાની જગ્યાએ અન્ય કોઈપણ સમાજને ટિકિટ આપવામાં આવે તો અમને વાંધો નથી. રૂપાલાએ અમારી ઈજ્જત પર પ્રહાર કર્યો છે. જેને સમાજ ક્યારેય માફ નહીં કરે. ૨૬ બેઠકમાં ક્ષત્રિય સમાજને એક પણ ટિકિટ આપવામાં આવી નથી. અમે માગ કરી છતાં ટિકિટ આપવામાં આવી નથી. પરંતુ એમને તેનો પણ વાંધો નથી. રૂપાલાએ જે ટિપ્પણી કરી તેનાથી વાંધો છે. ભાજપને સમાજ કરતા રૂપાલા વ્હાલા હોય તો પરિણામ ભોગવવા તૈયાર રહે. ટૂંક સમયમાં આ મુદ્દે જ ક્ષત્રિય સમાજનું રાજકોટમાં મહાસંમેલન યોજાશે.

કરણસિંહે જણાવ્યું હતું કે, આજે સમાજની બેઠકમાં ચર્ચા બાદ અમે નક્કી કર્યું છે કે, અમે રૂપાલાનો વિરોધ કરીશું. રૂપાલાએ અમારી અસ્મિતા પર ઘા કર્યો છે. અમારી માગ છે કે, રૂપાલાની ઉમેદવારી રદ કરવામાં આવે. આગામી દિવસોમાં કારડિયા, નાડોદા સહિતના ક્ષત્રિય સમાજ સાથે બે લાખ લોકોનું વિશાળ સંમેલન યોજીશું. રાજકોટને કુરૂક્ષેત્રના મેદાનમાં ફેરવીશું. રૂપાલા સામે હાઇકોર્ટમાં રીટ કરીશું. આ ઉપરાંત ચૂંટણી પંચમાં પણ રૂપાલા સામે ફરિયાદ કરીશું. મત લેવા કોઈ જાતિ કે જ્ઞાતિનું ઉચ્ચારણ કરવું યોગ્ય નથી. ૧૬ એપ્રિલ પહેલા રૂપાલાને બદલવામાં આવે તેવી અમારી માગણી છે. દેશમાં લોકશાહી છે, જેથી સંવાદની પ્રક્રિયા પણ ચાલુ રહેશે. ભાજપના આગેવાનો અમારી સાથે બેઠક કરશે. અમે બેઠક પણ કરશું, પરંતુ બેઠકમાં પણ અમારી માગ રૂપાલાને હટાવવાની જ રહેશે. સમાજના આગેવાનો અને તમામ સંસ્થાઓ જે નિર્ણય કરે તે જ માન્ય રહેશે.

રમજુભા જાડેજાએ જણાવ્યું હતું કે, આજથી જ રાજકોટ શહેર અને જિલ્લાના સમાજને જાગૃત કરવા વીરભદ્રસિંહને કન્વિનર બનાવ્યા છે. કાયદાકીય પ્રક્રિયા માટે કિશોરસિંહ કાર્ય કરશે. વિરમદેવસિંહ ચુડાસમા રાજકોટમાં યોજવાનાર સંમેલનનું સંકલન કરશે. અન્ય સાથી સમાજને જાગૃત કરવાનું કામ કરનસિંહ ચાવડાને જવાબદારી આપી છે. યુવા કમિટી વિજયસિંહ ચાવડા કરણી સેના મહાકાલ સેનાને જાગૃત કરવાનું કામ કરશે. મહિલા સમિતિ તૃપ્તિબાની આગેવાનીમાં કામ કરશે. આ ઉપરાંત રાજપૂત સમાજની મિટિંગમાં અન્ય સમાજના લોકોને સાફો અને તલવારની ભેટ આપવામાં ન આવે.

પરષોત્તમ રૂપાલાએ વિવાદિત નિવેદન આપતા કહ્યું હતું કે, 'અંગ્રેજોએ આપણા પર દમન કરવામાં કઈ બાકી નહોતું રાખ્યું અને મહારાજાઓ નમ્યા, રાજા-મહારાજાઓએ રોટી બેટીના વ્યવહારો પણ કર્યા, પણ મારા રૂખી સમાજે ન તો ધરમ બદલ્યો, ન તો કોઈ વ્યવહારો કર્યા, સૌથી વધુ દમન તો તેમના પર થયા હતા. એ સમયે તેઓ તલવાર આગળ નહોતા ઝૂક્યા.'

આ નિવેદન અંગે આજે માફી માંગતા પરષોત્તમ રૂપાલાએ કહ્યું હતું કે, મેં વાલ્મીકિ સમાજના એક કાર્યક્રમમાં નિવેદન આપ્યું હતું, ક્ષત્રિય સમાજના આગેવાનોએ આ અંગે રોષ વ્યક્ત કર્યો છે, મારો આશય આપણા રાજવીઓને નીચા દેખાડવાનો નહોતો, તેમ છતાં મારા નિવેદન થકી કોઈની લાગણી દુભાઈ હોય તો હું દિલગીરી વ્યક્ત કરું છું અને દિલથી માફી માગું છું, આ વિષયને અહીંયા જ પૂરો કરવા વિનંતી કરું છું.''

રૂપાલાના વિવાદિત નિવેદનના પગલે રાજ્યભરમાં ક્ષત્રિય સમાજમાં રોષ ફેલાયો છે. જેના વિરોધમાં રાજકીય પક્ષાપક્ષીથી દૂર રહી ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે ગઈકાલે સુરેન્દ્રનગરમાં એક સૂર સાથે ક્ષત્રિય સમાજની સંકલન મિટિંગ યોજાઈ હતી. આ અંગે કલેક્ટરને આવેદન અપાયું હતું. જેમાં પાટણ, અમદાવાદ, વડોદરાથી પણ ક્ષત્રિય સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને રૂપાલાના નિવેદનને વખોડી કાઢ્યું હતું. આગામી દિવસોમાં દરેક જિલ્લા કક્ષાએ કલેક્ટરને આવેદનો આપવા, ઉચ્ચ કક્ષાએ લેખિત રજૂઆત કરવી, કોર્ટમાં કાર્યવાહી કરવી, ચૂંટણી પંચમાં રજૂઆત કરવી એમ ક્ષત્રિય સમાજે એકસૂર થઈ નક્કી કર્યું હતું. રૂપાલાને હરાવવા બને તેટલા પ્રયાસો કરવા, ગુજરાતભરમાં ક્ષત્રિય સમાજ દ્વારા ચોક્કસ રાજકીય પક્ષને મતદાન કરીને સીટોનું નુકસાન કરવું એમ નક્કી કરાયું હતું.

આ મામલે રૂપાલા સામે ફરિયાદ મળતા જિલ્લા ચૂંટણી અધિકારીને તપાસનો આદેશ આપ્યો છે. પરષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ સામે અપમાનજનક ભાષાનો પ્રયોગ કર્યો અને તેનો એક વીડિયો ફરતો થયો હતો. જે પછી રૂપાલાએ સમય પારખીને ક્ષત્રિય સમાજની માફી માગી હતી. આમ છતાં ક્ષત્રિય સમાજે આકરું વલણ અપનાવીને રૂપાલાને માફ ન કરવાની જાહેરાત કરી છે.

# હળવદમાં અગાઉ કરેલ ફરિયાદનો ખાર રાખી યુવક ઉપર કાર ચડાવી મારી નાંખવાનો પ્રયાસ કરનાર વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર, હળવદ**

હળવદના જુના દેવળીયા ગામે યુવકે ગામના બે શખ્સો ઉપર પોલીસ ફરિયાદ કરી હતી જેનો ખાર રાખી યુવક બાઈક લઈને જતો હોય ત્યારે સ્વીફ્ટ કારમાં આવી ફરિયાદી યુવકના બાઈક સાથે સામેથી કાર અથડાવી અકસ્માત સર્જી યુવકને મારી નાખવાનો પ્રયાસ કરી યુવકને બેફામ ગાળો આપી જાતિ પ્રત્યે અપમાનિત કરી કહેલ કે મારી સામે કરેલ એટ્રોસિટીની ફરિયાદ પરત લઇ લેજે નહીંતર જાનથી મારી નાખીશ કહી ત્યાંથી ચાલ્યો ગયો હોય ત્યારે સમગ્ર બનાવ બાબતે હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી વિરુદ્ધ આઈપીસી કલમ ૩૦૮, ૩૨૩, ૫૦૬ તથા એટ્રોસિટી સહિતની કલમ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ હળવદ તાલુકાના જુના દેવળીયા ગામે રહેતા શૈલેશભાઈ હરીભાઈ સોલંકી ઉવ.૩૪ એ હળવદ પોલીસ મથકમાં આરોપી સબીર હારુનભાઈ કટીયા રહે. જુના દેવળીયા ગામ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે એ આ કામના કોલમ આરોપી સબીર તથા તેના ભાઈ વિરૂધ્ધ વર્ષ ૨૦૧૮ મા એટ્રોસીટીની ફરીયાદ કરેલ હોય તે કેસમાં શૈલેષભાઇ સમાધાન કરતા ન હોય તે બાબતનું મનદુખ અને ખાર રાખી આરોપી સબીર કટીયાએ ગત તા.૨૬/૦૩ના રોજ જુના દેવળીયા ગામ પટેલ સમાજ વાડીના ગેટ નજીક સફેદ કલરની સ્વીફ્ટ કારમાં આવી શૈલેષભાઇના બાઈક સાથે જાણી જોઈને અથડાવી અકસ્માત કરી શૈલેષભાઈને પાડી દેતા તેને હાથમા કોણી પાસે તથા પડખામાં મુઢ ઈજાઓ પહોંચાડી મારી નાખવાની કોશીષ કરી હતી. તેમજ શૈલેષભાઈને તેમની જાતી વિષે અપમાન જનક સંબોધન કરી એટ્રોસીટી નો કેસ પાછો ખેચી લે નહીતર હવે સાવ માથે ગાડી ચડાવી જાન થી મારી નાખીશ તેવી ધાક-ધમકી આપી સ્થળ ઉપરથી નાસી ગયો હતો. જે મુજબની ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી અટકાયત સહિતની કાર્યવાહી હાથ ધરી છે.

# જામનગરમાં ગોકુલનગરમાં રહેણાંકમાંથી અંગ્રેજી શરાબનો જથ્થો ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં ગોકુલનગરમાં રહેણાંકમાંથી અંગ્રેજી શરાબનો જથ્થો ઝડપાયો.પોલીસ મહાનિરીક્ષક , રાજકોટ વીભાગ , અશોકકુમાર તથા પોલીસ અધિક્ષક જામનગર પ્રેમસુખ ડેલુએ પ્રોહી જૂગારના ગુન્હાઓ શોધી કાઢવા સુચના આપેલ હોય તે અન્વયે નાયબ પોલીસ અધિક્ષક જામ શહેર જયવિરસિંહ ઝાલાના માર્ગદર્શન હેઠળ , સીટી સી ડીવી પો.સ્ટે.ના પોલીસ ઇન્સ . જે.વી.ચૌધરીની સુચના થી સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ વી.બી.બરબસીયા તથા પોલીસ સ્ટાફના માણસો સાથે પ્રોહી જૂગારના ગુન્હો શોધી કાઢવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન હ્યુમન સોર્સ દ્વારા સાથેના પો.કોન્સ.હર્ષદભાઇ દલપતભાઇ પરમાર તથા પો.કોન્સ . હોમદેવસિંહ પ્રવિણસિંહ જાડેજા ને બાતમી રાહે હકીકત મળેલ કે ગોકુલનગર શેરી નં ૪ હનુમાનજી ના મંદીર પાસે રહેતો કેયુર ઉર્ફે કયલો ગીરીશભાઈ ડોબરીયા



એ પોતાના મકાનમાં ગે.કા. ભારતીય બનાવટ ની ઈંગ્લીશ દારૂ ની બોટલનો જથ્થો રાખેલ છે જેથી હકીકત વાળી જગ્યો રેઈડ કરતા કેયુર ગીરીશભાઈ ડોબરીયા વાળો હાજર મળેલ જેને સાથે રાખી ઘરની ઝડતી તપાસ કરતા તેના રહેણાંક મકાન માંથી ઈંગ્લીશ દારૂની MAGIC MOMENTS GRAIN VODKA બોટલો નંગ - ૫૬ કી.રૂ.૨૮૦૦૦ નો મુદ્દામાલ મળી આવેલ જે અંગે પો.કોન્સ હર્ષદભાઈ દલપતભાઈ પરમાર નાઓ એ ફરીયાદ આપતા પો.હેડ.કોન્સ વાય.એ.જાડેજા નાઓએ ધોરણસર કાર્યવાહી કરેલ છે પકડાયેલ આરોપી કેયુર ગીરીશભાઈ ડોબરીયા જાતે પટેલ ઉ.વ .૩૧ ધંધો મજૂરી રહે ગોકુલનગર શેરી નં -૪ બી હનુમાનજીના મંદીર પાસે જામનગર પોલીસ ઇન્સપેટકર જે.વી.ચૌધરી. પો.સબ.ઇન્સ . વી.બી.બરબસીયા આ સમગ્ર કામગીરી કરનાર અધિકારીઓ. ખીમશીભાઇ ગોવિંદભાઇ ડાંગર. યશપાલસિંહ એ જાડેજા. ફૈઝલભાઇ મામદભાઇ ચાવડા. મહેન્દ્રસિંહ ચુડાસમા. મહાવિરસિંહ વી જાડેજા. હોમદેવસિંહ પી જાડેજા. યુવરાજસિંહ ભરતસિંહ જાડેજા. હર્ષદભાઇ દલપતભાઇ પરમાર. શીવભદ્રસિંહ મહોબતસિંહ જાડેજા. વનરાજભાઇ ભગુભાઇ ખવડ. પ્રવિણભાઇ ભીખાભાઇ પરમાર.

# ભારત વિકાસ પરિષદ મોરબી શાખાના નવા વર્ષના હોદેદારોની વરણી કરાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**


ભારત વિકાસ પરિષદ મોરબી શાખા સૌરાષ્ટ્ર કચ્છ પ્રાંતની મોરબી શાખાની વર્ષ ૨૦૨૪/૨૫ ની ચુંટણી પ્રક્રિયા તારીખ ૧૫ માર્ચ ગુરુવાર ના રોજ મહેશ હોટેલ મોરબી ખાતે પૂર્ણ થયેલ હતી. સૌરાષ્ટ્ર કચ્છ પ્રાંતના અધ્યક્ષ પ્રફુલભાઈ ગોસ્વામીની હાજરીમાં સર્વ સમંતિથી નવી ટીમને જવાબદારી સોપવામાં આવી હતી અને હોદેદારોને શપથ લેવડાવવામાં આવ્યા હતા. ભારત વિકાસ પરિષદ મોરબી શાખાના અધ્યક્ષ તરીકે ડો.જયેશ પનારા, સચિવ તરીકે હિંમતભાઈ મારવાણીયા અને કોષાધ્યક્ષ તરીકે ચિરાગભાઈ હોથીને જવાબદારી સોપવામાં આવી છે.



ભારત વિકાસ પરિષદ મોરબી શાખા દ્વારા યોજાયેલ સાધારણ સભામાં રીજીયન સેક્રેટરી સેવા વિભાગના રવિન્દ્રભાઈ ત્રિવેદી, રીજીયન સેક્રેટરી સંપર્ક વિભાગના જેઠસુરભાઈ ગુજરિયા તેમજ સૌરાષ્ટ્ર કચ્છ પ્રાંત સંગઠન મંત્રી કરશનભાઈ મેહતા તથા સૌરાષ્ટ્ર કચ્છ પ્રાંત ગત્રજઈ ના સહ સંયોજક ધ્રુમિલ ભાઈ આડેસરા તથા આનંદનગર શાખા રાજકોટ ના અધ્યક્ષ રમેશભાઈ દત્તા અને આ કાર્યક્રમનું સંચાલન મોરબી શાખાના સંગઠન મંત્રી તથા સોરાષ્ટ્ર કચ્છના ગુરુવંદન છાત્ર અભિનંદન પ્રકલ્પના સહસયોજક દિલીપભાઈ પરમારએ કર્યુ હતું તથા મોરબી શાખાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગરમાં ટ્રાફિક પોલીસની ડ્રાઇવમાં ૧૦૦થી વધુ ફોર - વ્હીલરમાંથી પ્રતિબંધિત બ્લેક ફિલ્મ દૂર કરાઈ







**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂની સુચના અને નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલા તથા પોલીસ ઇન્સપેકટર એમ.બી.ગજ્જરના માર્ગદર્શન મુજબ ખંભાળીયા ટી સર્કલ પાસે જુદી.જુદી ટીમો બનાવી મુખ્યત્વે બ્લેક ફીલ્મ કાળા કાંચ લગાવેલ વાહનોને રોકી ૧૦૦ થી વધુ ફોર વ્હિલરના કાળા કાચ ઉતારવામા આવેલ તથા ૧૦૦ થી વધુ બ્લેક ફીલ્મના કેસો કરવામા આવેલ તેમજ ટ્રાફિક નીયમનની કામગીરી કરી પી.યુ.સીના કેસો , રોંગ સાઈડના કેસો.ડ્રાયવીંગ લાયસન્સ વગરના કેસો , મોબાઈલ થી વાતના કેસો , નંબર પ્લેટવગરના કેસો ,ના વધુમા વધુ કેસો કરી કુલ સમાધાન શુલ્ક દંડ ૦૧,૦૦,૪૦૦ રૂપિયા વસુલ કરતી ટ્રાફિક શાખા આ કામગીરી પો.ઇન્સ . એમ.બી.ગજજર, પો.સબ.ઈન્સ . આર.ડી.ગોહિલ સા . પો.સબ.ઈન્સ. આર.એલ. કંડોરીયા , પો.સબ.ઇન્સ. બી , જે.તીરકર પો.સબ.ઇન્સ. આર.સી.જાડેજા , તથાપો.હેડ.કોન્સ મહેન્દ્રસિંહ. બી.ઝાલા , મનહરસિંહ વી. ઝાલા , પ્રતિપાલસિહ નિતેન્દ્રસિહ સોઢા , રવીકુમાર નવીનકુમાર બુજડ. નારણભાઈ પરબતભાઈ વસરા , રાજેશભાઈ હમીરભાઈ કરમુર તેમજ ટી.આર.બી જવાન દ્વારા કરવામા આવેલ છે

# મોરબી જીલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર કે.બી. ઝવેરીની અધ્યક્ષતામાં સિનિયર સિટીઝનમાં મતદાનની જાગૃતિ માટે કાર્યક્રમ યોજાયો

## આગામી ૭ મેના રોજ જરૂરથી મતદાન કરવા અપીલ કરી

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીનાં વૃદ્ધાશ્રમનાં લોકોને મતદાન બાબતે જાગૃત કરવા માટે જીલ્લા ચૂંટણી અધિકારી કલેક્ટર કે.બી. ઝવેરીની અધ્યક્ષતામાં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

મોરબી જીલ્લામાં દરેક વ્યક્તિ મતદાન બાબતે જાગૃત બને અને કોઈપણ મતદાર મતદાનના હકથી વંચિત ન રહે તે માટે મોરબી જીલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ કામગીરી, આયોજનો તેમજ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ખાસ કરીને સિનિયર સિટીઝનને મતદાન બાબતે જાગૃત કરવાના હેતુથી મોરબીના શોભેશ્વર રોડ પર આવેલ વૃદ્ધાશ્રમ ખાતે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.








આ પ્રસંગે કલેક્ટર કે.બી.ઝવેરી દ્વારા ઉપસ્થિત સિનિયર સિટીઝનોને મતદાન અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, મતદાન એ મહાદાન છે અને મતદાન કરવો તે આપણો અધિકાર છે અને મતદાન અવશ્ય કરવું જ જોઈએ તેમજ નાગરિકોને જણાવ્યું હતું કે, તમારે કોઈપણ પ્રશ્ન કે હક બાબતે રજૂઆત કરવી હોય તો મતદાનની ફરજ પણ અદા કરવી જરૂરી છે. આગામી ૭ મેના રોજ ૧૮ વર્ષથી ઉપરના તમામ લોકોને જરૂરથી મતદાન કરવા અને આસપાસના લોકોને પણ પ્રેરણા આપવા જણાવ્યું હતું. નાગરિકોએ મતદાન અવશ્ય કરવું જોઈએ અને જે કોઈ નાગરિકની ઉંમર ૮૫ કે તેથી વધુ છે તેઓ પોતાના સ્થળ પર જ મતદાન કરી શકશે તેવી વ્યવસ્થા અંગે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા

અગ્રણી પી.વી.રાઠોડ દ્વારા મતદાન અંગે જણાવ્યું હતું કે, ''લોકશાહીમાં દરેક મતનું મૂલ્ય મહત્વનું હોય છે. બહુમૂલ્ય મતદાનની કિંમત સમજાવી ઉપસ્થિતોને બીનચૂક મતદાન કરવા અનુરોધ કર્યો હતો અને અંતમાં સમાજ કલ્યાણ અધિકારી વૈશાલીબેન જોષીએ આભાર વિધિ કરી હતી.

આ કાર્યક્રમમાં જીલ્લા મેજિસ્ટ્રેટ અને કલેક્ટર કે.બી.ઝવેરી, સ્વીપ નોડલ ઓફિસર અને જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી એન.એ.મહેતા, મોરબી શહેર મામલતદાર જયવંતસિંહ વાળા, નાયબ જીલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દિનેશભાઈ ગરચર તથા સમગ્ર ટીમ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી હતી.

# જામકંડોરણા હાઈસ્કૂલ અને કેશરબાઈ કન્યા વિદ્યાલય મોટીમારડ ખાતે નિબંધ, ચિત્ર, બેનર સ્પર્ધા દ્વારા મતદાનના મહત્વ વિષે લોકોને જાગૃત કરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી લોકસભા ચૂંટણીમાં રાજકોટ જિલ્લાના જન-જનની ભાગીદારી રહે તે માટે સ્વીપ અંતર્ગત મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે.ગ્રામ્ય વિસ્તારોમાં પણ મતદારો જાગૃત થઈ મતદાનની નૈતિક ફરજ બજાવે તે માટે જાગૃતિલક્ષી કાર્યક્રમોના આયોજન કરવામાં આવી રહ્યા છે. જે અનુસંધાને સરકારી હાઈસ્કૂલ જામકંડોરણા ખાતે બેનર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શાળાના ધો. ૯ તથા ૧૧ના વિદ્યાર્થીઓ દ્વારા ઈ.વી.એમ, મતદાન અંગેના સૂત્રો- ચિત્રો સહિતના બેનરો બનાવવામાં આવ્યા હતા.

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકાના મોટીમારડ ગામની શ્રી કેશરબાઈ ચાંગેલા કન્યા વિદ્યાલય ખાતે ''મતદાન આપનો







અધિકાર'' વિષય પર નિબંધ સ્પર્ધા તેમજ મતદાન જાગૃતિ અંગે રોલ-પ્લે તથા ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં બાલિકાઓએ મતદાનના મહત્વને દર્શાવતું ગીત પણ રજૂ કર્યું હતું.આમ, સ્વીપ દ્વારા વધુ ને વધુ લોકોને ''મતદાન એ મહાદાન''નો મંત્ર આપી દેશના મહાપર્વમા યોગદાન આપવા જાગૃત કરવામાં આવી રહ્યા છે તેમ સ્વીપના નોડલ તથા અધિક કલેકટર જિજ્ઞાસા ગઢવીની યાદીમાં જણાવાયું છે.

# રાજકોટ તાલુકાના આણંદપર ગામે મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો





**મુખ્ય સમાચાર, રાજકોટ**

આગામી લોકસભા ચુંટણી ૨૦૨૪ને અનુલક્ષીને સ્વીપ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી પ્રભવ જોશી અને અધિક જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એન.કે. મૂછારનાં માર્ગદર્શન હેઠળ વિવિધ આયોજનો દ્વારા વધુમાં વધુ નાગરિકો અચૂક મતદાન કરે તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ ઉપક્રમે ૧૦ રાજકોટ સંસદીય મતવિસ્તારમાં સામેલ ૬૭ - વાંકાનેર વિધાનસભા મતદાર વિભાગના મદદનીશ ચૂંટણી અધિકારીશ્રીના દિશાનિર્દેશ અનુસાર રાજકોટ તાલુકાના આણંદપર ગામે મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં આંગણવાડી કાર્યકરો, આશાવર્કર, ગામના આગેવાનો, ગ્રામ પંચાયત કચેરીના સ્ટાફ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતાં. કાર્યક્રમમાં મતદાનની પવિત્ર ફરજ અંગે સૌને જાગ્રત કરવામાં આવ્યા હતા અને આગામી ચૂંટણીમાં અચૂક મતદાન કરવા શપથ લેવડાવવામાં આવ્યા હતાં. સમગ્ર કાર્યક્રમમાં ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને આ પ્રસંગે તૈયાર કરાયેલા સેલ્ફી પોઈન્ટ પર ફોટા પડાવ્યા હતાં.

# રાજકોટ જિલ્લામાં પરવાનાવાળા હથિયાર ધારકો પાસેથી હથિયારો જમા લેવાની ૮૦ ટકા કામગીરી પૂર્ણ

## ૨૭ માર્ચ સુધી ૩૪૧૭ હથિયારો જમા – ૭ હથિયારો જપ્ત કરતી રાજકોટ પોલીસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોકસભા સામાન્ય ચૂંટણી -૨૦૨૪ અન્વયે આદર્શ આચારસંહિતાના પાલન હેતુ રાજકોટ શહેર અને ગ્રામ્ય પોલીસ દ્વારા પરવાનાવાળા હથિયારધારકો પાસેથી હથિયાર જમા લેવામાં આવે છે. આ કામગીરી તા.૧૬ માર્ચથી શરૂ થતા જિલ્લામાં પરવાનાવાળા હથિયાર ધારકો પાસેથી ૮૦ ટકા હથિયારો જમા લેવાની કામગીરી થઇ ચૂકી છે.

તા.૨૭/૦૩/૨૦૨૪ સુધી રાજકોટ શહેર પોલીસ દ્વારા ૩૦૦૮ પરવાના ધરાવતા હથિયારધારકો પાસેથી ૨૩૨૩ હથિયારો જમા લેવામાં આવ્યા હતા. અને ૪ હથિયારો જપ્ત કરવામાં આવ્યા હતા. રાજકોટ જિલ્લા(ગ્રામ્ય) પોલીસ દ્વારા ૧૨૧૨ પરવાના ધરાવતા હથિયારધારકો પાસેથી ૧૦૯૪ હથિયારો જમા લેવામાં આવ્યા હતા. અને બે હથિયારો જપ્ત કરવામાં આવ્યા હતા. બાકીના હથિયારો જમા લેવાની કામગીરી પ્રગતિ હેઠળ છે, તેમ રાજકોટ પોલીસ વિભાગની યાદીમાં જણાવાયું છે.

# 'વિશ્વ ટીબી દિવસ'ની ઉજવણી અંતર્ગત 'હા! આપણે ટીબીને ખતમ કરી શકીએ છીએ!' વિષયક પરિસંવાદ યોજાયો







**મુખ્ય સમાચાર, રાજકોટ**

'વિશ્વ ટીબી દિવસ ૨૦૨૪'ની ઉજવણી પહા! આપણે ટીબીને ખતમ કરી શકીએ છીએ!વિષયક પરિસંવાદ સતત તબીબી શિક્ષણ દ્વારા યોજાયો હતો.

ક્ષય રોગ સામે લડવા માટે ટીબીના ક્ષેત્રમાં દાયકાઓનો અનુભવ ધરાવતા જાણીતા પલ્મોનોલોજિસ્ટ, તથા નિષ્ણાત તજજ્ઞો જાહેર આરોગ્ય સમસ્યા તરીકે ટીબીના જોખમને નાબૂદ કરવા માટે અથાક લડત આપવાના સામૂહિક સંકલ્પ માટે સંકલ્પબધ્ધ થયા હતાં .

લેક્ચર થિયેટર એકેડેમિક બ્લોક AIIMજ રાજકોટ ખાતે ૨૭ માર્ચ,૨૦૨૪ના રોજ બપોરે ૦૨ PM થી ૦૫ PM દરમિયાન યોજાયેલ આ પરિસંવાદમાં CME માં ફેકલ્ટીઓ, સિનિયર રેસિડેન્ટ્સ અને જુનિયર રેસિડેન્ટ્સ (Acad અને Non-Acad) સહિત તબીબી વ્યાવસાયિકો હાજર રહ્યા હતા.

આ પ્રસંગે ટીબીની ઝાંખી અને રાજકોટમાં ટીબીના પરિસ્થિતિગત વિશ્લેષણથી શરૂ કરીને જ્ઞાનાત્મક પ્રસ્તુતિઓની શ્રેણી રજૂ કરાઈ હતી .

ટીબીના વૈશ્વિક પરિસ્થિતિગત વિશ્લેષણ, ટીબી સ્ક્રીનીંગ અને રેફરલ, ટીબી નિદાન માર્ગદર્શિકાઓ અને નિદાનમાં પડકારો, પુખ્ત વયના ટીબી સારવાર માર્ગદર્શિકા અને સંકળાયેલ પડકારો, સારવાર માર્ગદર્શિકાઓ અને બાળરોગના કેસોની સારવારમાં પડકારોની ચર્ચા કરી આભારવિધિ સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

# પડધરી તાલુકામાં મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સંસદીય મતવિસ્તારની ચૂંટણીનું મતદાન તા. ૭ મે, ૨૦૨૪ના રોજ યોજાનાર છે, જેમાં વધુમાં વધુ મતદારો સહભાગી બને, તે માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે ઠેર-ઠેર મતદાન જાગૃતિ અભિયાન ચલાવવામાં આવી રહ્યાં છે.

જે અન્વયે ટંકારા શહેરમાં રાજકોટ અધિક કલેટર અને સ્વીપના નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસા ગઢવીના માર્ગદર્શન હેઠળ ૬૬ - ટંકારા વિધાનસભા મતદાર વિભાગના પડધરી તાલુકાના હડમતીયા ગામ તથા વણપરી ગામ ખાતે મતદાર જાગૃતિ



કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં આંગણવાડી કાર્યકરો અને આંગણવાડી સુપરવાઈઝરોને ચૂંટણીલક્ષી એપ્લિકેશન તથા મતદાન પ્રક્રિયા અંગે સંપૂર્ણ જાણકારી આપવામાં આવી હતી. તેમજ આગામી લોકસભા ચૂંટણીમાં મતદાન કરવા અંગે શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા. આ તકે સબંધિત અધિકારી અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ધોરાજીની પટેલ કેળવણી મંડળ શાળાના વિદ્યાર્થીઓએ સાયકલ રેલી થકી આપ્યો મતદાન જાગૃતિનો સંદેશ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં આગામી લોકસભા ચૂંટણી માટે તા. ૦૭ મે ૨૦૨૪ના રોજ મતદાન યોજાનાર છે.જેમાં સૌ રાજકોટવાસીઓ પોતાના પવિત્ર મતદાનની ફરજ અંગે જાગૃત થઈ, મતદાન કરે તે માટે જાગૃતિલક્ષી કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

આ કાર્યક્રમો અંતર્ગત ધોરાજીની શ્રી લેઉવા પટેલ કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલિત શાળાના વિદ્યાર્થીઓએ સાયકલ રેલી દ્વારા આસપાસના



વિસ્તારમાં મતદાન જાગૃતિનો સંદેશો આપવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓએ ''મતદાન મારી નૈતિક ફરજ'' અને ''મતદાન મારો અધિકાર'' જેવા સૂત્રોચ્ચાર સાથે સમગ્ર ધોરાજીવાસીઓને મતદાનની પવિત્ર ફરજના મહત્વ વિષે અવગત કર્યા હતા. લોકોને મતદાન માટે પ્રેરવા સ્વીપ દ્વારા વિભિન્ન નવતર પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે, તેમ સ્વીપના નોડલ તથા અધિક કલેકટર શ્રી જિજ્ઞાસા ગઢવીની યાદીમાં જણાવાયું છે.

# કોંગ્રેસની તાકાત તોડવા સંનિષ્ટ કાર્યકરોને ભાજપમાં સમાવવામાં આવી રહ્યા છેઃ પાટીલ

## ભાજપ શિસ્તબધ્ધ પાર્ટી છે તેમાં અશિસ્ત કયારેય ચલાવી ન લેવાયઃ કાર્યકર્તાઓની અપેક્ષાને ધ્યાનમાં લઈ ગુજરાતની બે લોકસભા બેઠક માટે ઉમેદવારો બદલ્યા છેઃ રૂપાલાએ ક્ષત્રિય સમાજની માફી માંગી લીધી છે તેથી તેનો એકાદ દિવસમાં ઉકેલ આવી જશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આજે રાજકોટની મુલાકાતે આવેલ પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલે પત્રકારો સાથેના શુભેચ્છા મિલન કાર્યક્રમમાં જણાવ્યું હતું કે ચાર વર્ષ પહેલાં હું જયારે પ્રદેશ ભાજપનો પ્રમુખ બન્યો ત્યારે નકકી કર્યુ હતું કે કોઈપણ કોંગ્રેસી માટે ભાજપના દરવાજા બંધ છે કોંગ્રેસના કોઈ હોદ્દેદાર કે કાર્યકર્તાને ભાજપમાં લેવામાં આવશે નહીં પરંતુ કેન્દ્રમાંથી મળેલી


(તસ્વીરઃ આનંદ જાવિયા)

સુચના મુજબ ગુજરાત સહિત સમગ્ર દેશમાં કોંગ્રેસની તાકાત તોડવી હોય તો કોંગ્રેસમાં જુદા જુદા હોદા પર રહેલા સંનિષ્ઠ આગેવાનો અને કાર્યકરોને ભાજપમાં લેવા જેના ભાગરૂપે હવે ભાજપમાં કોંગ્રેસીઓને લેવામાં આવી રહ્યા છે. તેઓએ એ વાતનો ઉલ્લેખ પણ કર્યો કે અત્યાર સુધી ૬૦૦૦૦ કોંગી કાર્યકરો અને આગેવાનોને સમાવેશ ભાજપમાં કર્યો છે.

ગુજરાતમાં પ્રથમવાર ભાજપ દ્વારા લોકસભાની બે બેઠક માટે ઉમેદવારો બદલાવામાં આવ્યા છે તેના જવાબમાં પાટીલે કહ્યુંકે પક્ષમાં કોઈ અશિસ્ત કે મનમાની ચલાવી લેવાતી નથી પરંતુ નાનામાં નાના કાર્યકર્તાની અપેક્ષા અને માંગને ધ્યાનમાં લઈ આ ઉમેદવારોને બદલવામાં આવ્યા છે. કાર્યકર્તા કે અન્ય કોઈ ભાજપના આગેવાના કોઈપણ માટે ભાજપની ટીકીટની માંગ કરે તો તેને અશિસ્ત કર્યુ છે તેમ ન કહી શકાય. વધુમાં જેમણે પણ પાર્ટીમાં રહી પક્ષ વિરૂધ્ધ કામ કર્યુ છે તેમની સામે ચોકકસ પગલાં લઈ સસ્પેન્ડ કર્યા છે. ભાજપ શિસ્તબધ્ધ પાર્ટી છે તેમાં કયારેય અશિસ્ત ચલાવી નહીં લેવાય.

રાજકોટ શહેર અને જિલ્લાના અનેક આગેવાનોને સાઈડલાઈન કરી આયાતી ઉમેદવાર પરસોતમભાઈ રૂપાલાને ટિકીટ રાજકોટ બેઠક માટે શું કામ આપી તેના જવાબમાં પક્ષનો બચાવ કરતાં કહ્યું કે નરેન્દ્રભાઈ મોદી પણ તેમની ધારાસભ્ય તરીકેની પ્રથમ ચૂંટણી રાજકોટથી લહટા હતા ત્યારે તો રાજકોટવાસીઓને તેમને સ્વીકાર્યા હતા. હાલમાં ક્ષત્રિય સમાજ દ્વારા રૂપાલા સામે જે રોષ જોવા મળી રહ્યો છે તેનો એકાદ બે દિવસમાં ઉકેલ લાવી જશે તેમજ ગુજરાતની તમામ ૨૬ બેઠક સહિત દેશમાં ૪૦૦ બેઠકો લોકસભાની જીત છે.

# રાજકોટના ગંજીવાડાનો નામચીન બુટલેગર પાસામા ધકેલાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

લોકસભાની ચૂંટણી પૂર્વે શહેરમાં નામચીન શકશો તથા બુટલેગરો વિરુદ્ધ પોલીસ દ્વારા હદભરી અને પાસા નું શસ્ત્ર ઉગામ્યું છે ત્યારે થોરડા પોલીસના પીઆઇ જીએન વાઘેલા ની હેઠળ પી.એસ.આઇ જે એમ પરમાર હેડ કોન્સ્ટેબલ ભરતસિંહ સહિતના સ્ટાફે વિસ્તારમાં નામચીન શકશો અને નામચીન બુટલેગરો વિરુદ્ધ હદબારી અને પાસાની કામગીરી શરૂ કરી છે ત્યારે ભાવનગર રોડ પર આવેલા ગંજીવાડા વિસ્તારમાં વર્ષોથી મોટાભાઈએ દારૂનો બેફામ ધંધો કરતો નામચીન બુટલેગર હિતેશ ભગવાનજી મજેઠીયા ની પોલીસે અટકાયત કરી તેના પાસાના કાગડો તૈયાર કરી વડી કચેરીએ મોકલાવતા અને તેના પર શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે મહોર લગાવી દેતા પોલીસે નામચીન ગુટલેગર હિતેશ ભગવાનજી મજેઠી અને પાછામાં ધકેલી દીધો છે.

# કેનાલ રોડ પર ફાયર ફાયટરની ઠોકરે બાઈક ચાલકનું મોત

## જસદણના પરિવારના એકના એક પુત્રનું મોત થતા પરિવારમાં કરૂણ કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કેનાલ રોડ પર ફાયર બ્રિગેડના ફાયર ફાયટરે ઠોકરે લેતા બાઈકસ્વારનુ મોત નિપજતા એડિવીઝન પોલીસે તપાસ કરતા મૃતક યુવક જશદણનો હોવાનુ અને રાજકોટ ગુંદાવાડીમાં કાપડની દુકાનમાં નોકરી કરતો હોય પાર્સલ લેવા નિકળતા આ બનાવ બન્યો હોવાનુ બહાર આવતા પોલીસે ફાયર ફાયટરના ચાલક સામે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

આ અંગેની માહિતી મુજબ જશદણમાં શિવશકિત સોસાયટીમાં રહેતો દર્શીલ ઉમેશભાઈ રવીયા (ઉ.૨૦) બુધવારે કેનાલ રોડ પર બાઈક લઈને જતો હતો ત્યારે ફાયર ફાયટરે ઠોકરે લેતા તેને સારાવાર માટે સિવીલ હોસ્પીટલમાં ખસેડાયો હતો જેનુ સારવાર મળે તે પહેલા જ મોત નિપજતા પીએસઆઈ પરમાર સહીતના સ્ટાફે હોસ્પીટલે પહાચી તપાસ કરતા મૃતક યુવક રાજકોટમાં ગુંદાવાડીમાં કાપડની દુકાનમાં નોકરી કરતો હોવાનુ અને એક બહેન એક ભાઈમાં નાનો હોવાનુ તેમજ તેના પિતાનુ કોરોના કાળમાં અવશાન થયા બાદ તેની માતા અને બહેન સાથે રહેતો અને રાજકોટ નોકરી કરતો હોય કાપડનુ પાર્સલ લેવા જતો હતો ને આ બનાવ બન્યાનુ બહાર આવતા પોલીસે યુવકના પરીવારની ફરીયાદ પરથી ફાયર ફાયટરના ચાલક સામે ગુનો નોંધી તેની ધરપકડ કરવાની કાર્યવાહી કરી હતી.

# જંગલેશ્વરમાં ભૂલથી જવલનશીલ પ્રવાહી પી લેનાર પરિણીતાનું સારવારમાં મોત

## કણકોટના પાટીયા પાસે યુવાને એસિડ પી લેતા સારવારમાં ખસેડાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જંગલેશ્વર વિસ્તારમાં રહેતી પરિણીતાએ ભૂલથી જવલનશીલ પ્રવાહી પી લીધું હતું. પરિણીતાનું સારવારમાં મોત નિપજતા શ્રમિક પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ અંગેની માહિતી મુજબ જંગલેશ્વર વિસ્તારમાં રહેતી લતાબેન નીરજકુમાર સિંઘ નામની ૩૦ વર્ષની પરિણીતા પોતાના ઘરે હતી ત્યાં રાત્રીના દસેક વાગ્યાના અરસામાં ભૂલથી જવલનશીલ પ્રવાહી પી લીધું હતું. પરિણીતાને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં તેણીનું ટૂંકી સારવાર દરમિયાન મોત નીપજતા શ્રમિક પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી છે. પ્રાથમિક પૂછપરછમાં લતાબેન સિંઘને સંતાનમાં બે પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત અન્ય બીજા બનાવમાં કાલાવડ રોડ ઉપર આવેલા કણકોટ પાટીયા પાસે રહેતા કરણ પ્રાગજીભાઈ મહિડા નામનો ૧૯ વર્ષનો યુવાન રાત્રીના સાડા આઠેક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતો ત્યારે કોઈ અગમ્ય કારણસર એસિડ પી લીધું હતું. યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ- હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. જ્યાં પ્રાથમિક સારવાર લઇ યુવક નાસી છૂટ્યો હતો ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રેલનગરમાં ડેરી સંચાલકે ઝેરી ટીકડા ખાઈ કર્યો આપઘાતનો પ્રયાસ

## નાસ્તો કરવાની ના પાડવા જેવી નજીવી બાબતે પતિ–પત્ની વચ્ચે રકઝક થતા યુવાને પગલું ભર્યુ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી રોડ ઉપર રહેતા અને રેલનગર વિસ્તારમાં ડેરી ચલાવતા યુવાને પત્ની સાથે ઝઘડો થતા ઝેરી ટીકડા ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હતો યુવકને ઝેરી અસર થતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ મોરબી રોડ ઉપર આવેલા જકાતનાકા પાસે રહેતા અને રેલનગરમાં રામદેવ કૃપા નામે ડેરી ચલાવતા વિશાલ ચતુરભાઈ સાવલિયા નામનો ૨૯ વર્ષનો યુવાન પોતાની રામદેવ ડેરી ખાતે હતો ત્યારે ઝેરી ટીકડા ખાઈ લીધા હતા યુવકને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે પ્રનગર પોલીસને જાણ કરતા પ્રનગર પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો.

પ્રાથમિક પૂછપરછમાં વિશાલ સાવલિયા રેલનગરમાં ભાડે ડેરી ચલાવે છે. મોરબી રોડ ઉપર સેટેલાઈટ ચોકમાં રહેતી અનિતાબેન સાથે વિશાલ સાવલિયાના લગ્ન થયા હતા. અને પત્ની અનિતાબેનને હાલ પાંચેક માસનો ગર્ભ હોવાથી તેની માવતર રોકાવા માટે ગઈ છે અને દંપતિ ફરવા ગયા હતા ત્યારે પત્નીએ નાસ્તો કરવાની ના પાડતા બંને વચ્ચે ઝઘડો થયો હતો બાદમાં પત્ની રાત્રે ઘરે આધાર કાર્ડ લેવા પહોંચી હતી ત્યારે ફરી દંપતિ વચ્ચે ઝઘડો થતાં વિશાલ સાવલિયાએ ઝેરી ટીકડા ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પ્રનગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ઈન્દીરાનગરમાં કિચનવેરના ધંધાર્થીનો ગળાફાંસો ખાઈ આપઘાત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સહકારનગર મેઇન રોડ પર ઇન્દિરાનગરમાં રહેતા કિચનવેરના ધંધાર્થી યુવકે ધંધો ન ચાલતા ગળેફાંસો ખાઈ અને આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે. સહકારનગર મેઈન રોડ ઈન્દિરાનગર- ૩માં રહેતા મયુર દિપકભાઈ ચૌહાણ(ઉ.૨૪) એ રાત્રીના સમયે ઘરના ઉપલા માળે એંગલમાં ચુંદડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાત કરી



લેતા પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો અને તેના મૃતદેહને પીએમ અર્થે ખસેડી તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે, મૃતક મયુર બે ભાઈમાં નાનો અને અપરિણીત હતો તેમજ પિતા નિવૃત જીવન જીવે છે. મયુર ઓનલાઈન કિચનવેરનો ધંધો કરતો હતો પરંતુ થોડા સમયથી ધંધો ન ચાલતા ટેન્શનમાં આવી આ પગલુ ભરી લીધું હતું.જેથી આધારસ્તંભ યુવકના અકાળે મોતથી પરિવારમાં ગમગીની છવાઈ છે.

# સામાકાંઠે ગુમ થયેલ રૂા.૨.૨૦ લાખના મોબાઈલ અરજદારોને પરત અપાવતી પોલીસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના કોમ્યુનીટી આઉટરીચ પ્રોગ્રામ અંતર્ગત 'તેરા તુજકો અર્પણ ઝુંબેશ હેઠળ, બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે તેરા તુજકો અર્પણ કાર્યક્રમનું આયોજન રાખવામાં આવેલ હતું. જેમાં બી ડીવીઝન પોલીસ સ્ટેશનના પીઆઈ એસ.એમ.જાડેજાની ઉપસ્થિતમાં પોલીસ સ્ટાફ અને નાગરિકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ગુમ, ચોરાયેલ મોબાઈલ ફોનની ફરિયાદ, અરજી મળતી હોય છે જે ફરિયાદ, અરજી ઉપરથી ''સીઈઆઈઆર'' પોર્ટલ તથા હ્યુમન સોર્સિસનો ઉપયોગ કરી પોર્ટલમાં સતત મોનિટરીંગ કરી આવા ગુમ, ચોરાયેલ મોબાઈલ ફોનને શોધી



કાઢવામાં આવેલ છે. જેમાં જેમાં છેલ્લા ત્રણ મહિનામાં રૂ.૭,૯૭,૫૦૦ની કિંમતના ૫૨ મોબાઈલ ફોન શોધી તેના મૂળ માલિકને પરત કરી આપવામાં આવેલ હતા. ઉપરાંત છેલ્લા બે મહિના દરમિયાન સાયબર ફ્રોડ થયેલ હોય તેવી અલગ -અલગ અરજીમાં ફ્રીઝ રહેલ અરજદારની સાયબર ફ્રોડમાં ગયેલ રકમમાંથી ૮ અરજીના અરજદારને કોર્ટ મારફતે રીફન્ડ પ્રોસેસ કરાવી રૂ.૨,૨૦,૪૬૦ પોલીસે પરત અપાવેલ હતા.

# આપઘાત કરે તે પહેલાં જ મોરબી ૧૮૧ની ટીમે સ્થળ ઉપર પહોંચી મહિલાને બચાવી

## સાસુ, સસરા અને પતિના માનસિક ત્રાસથી કંટાળી મહિલાએ આપઘાત કરવાનું વિચાર્યુ હતું

**મુખ્ય સમાચાર, મોરબી**

૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન માં જાગૃત નાગરિક દ્વારા કોલ કરવામાં આવેલ કે એક અજાણી મહિલા મોરબી મચ્છુ ડેમ -૩ પર આપઘાત કરવા જઈ રહી છે મહિલા કોઈનું પણ કાંઈ માનતા નથી અને આમતેમ દોડાદોડી કરે છે તેમજ મહિલા કાંઈ પણ બોલતા નથી અને ખૂબ જ રડે છે તેમજ ખૂબ જ ગભરાયેલી હાલતમાં છે મહિલા મચ્છુ ડેમ -૩ પર આપઘાત કરવા જઈ રહ્યા છે ત્યાંના લોકોએ ખૂબ પુછપરછ કરી પરંતુ મહિલા કાંઈ પણ બોલતા નથી અને તેઓ ચિંતામાં છે તેમની મદદ માટે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન ની જરૂર છે.

જેના પગલે ૧૮૧ ટીમના કાઉન્સિલર જાગૃતિ ભુવા મહિલા કોન્સ્ટેબલ જયશ્રીબેન કોઠીવાર તેમજ પાયલોટ જીગરભાઈ શેરઠીયા ઘટના સ્થળે મહિલા ની મદદ માટે પહોંચ્યા હતા મહિલા ને ત્યાંના લોકોએ મચ્છુ ડેમ પર જ




સુરક્ષિત જગ્યાએ બેસાડેલા હતાં સૌપ્રથમ મહિલા ને સાંત્વના આપી તેમજ ૧૮૧ ટીમ દ્વારા મહિલા સાથે વાતચીત કરી અને પ્રાથમિક માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યો.

ત્યારબાદ મહિલાનું કાઉન્સિલીગ કરતા તેમણે જણાવેલ કે મહિલા તેના પતિ, સાસુ, સસરા,દિયર, નણંદ અને તેમના ચાર બાળકો સહિતના પરિવાર સાથે રહે છે તેના પતિએ મહિલા પાસે શાકભાજી તેમજ કરિયાણું લેવા માટે પૈસા માગ્યા તો મહિલા પાસે પૈસા ન હતા તેથી પૈસા આપવાની ના પાડતાં તેમના પતિ બેન સાથે મારઝુડ કરતા હતા તેમજ અપશબ્દો બોલતા હતા અને અયોગ્ય વર્તન કરતા હતા તેમજ ઘરના બધા જ સભ્યો મહિલાને નાની -નાની વાતે માનસિક રીતે ત્રાસ આપતા હતા માટે મહિલા આવા અનેક પ્રકારના પ્રશ્નોથી કંટાળીને તેમના ચાર બાળકોને ઘરે મુકીને કોઈ ને પણ જાણબહાર ચાલતા ચાલતા મચ્છુ ડેમ -૩ પર આપઘાત કરવા પહોંચી હતી મહિલા અનેક પ્રશ્નોથી મુકાયેલી હતી ત્યારબાદ ૧૮૧ ટીમે મહિલા ને આશ્વાસન આપેલ તેમજ આવી રીતના ક્યારેય પણ ઘરેથી આપઘાત કરવા ન નીકળી જવા બાબતે લાંબી સમજાવટ આપવામાં આવી.

ત્યારબાદ તેમના સાસરી પક્ષ નું સરનામું પુછેલ અને તેમનો કોન્ટેક્ટ નંબર મેળવેલ તેમજ ચોક્કસ માહિતી મેળવવા માટે આધાર પુરાવા માંગેલ પુરાવા યોગ્ય લાગતા પતિ સાથે વાતચીત કરેલ અને તેમના ઘરે ગયેલા બાદમાં મહિલાએ જણાવ્યું કે તેમનું સહ પરિવાર ખેતી કામ કરે છે અને વાડી -વિસ્તારમા રહે છે મહિલા ના સાસરી પક્ષે જણાવેલ કે આજથી એક મહિના પહેલાં આવી રીતના ઘરની બહાર નીકળી ગયાં હતાં બાદમાં સાસરી પક્ષનું કાઉન્સિલીગ કરતા જાણવા મળ્યું કે મહિલા બાળકો સાથે મારઝુડ કરે છે અને નાની -નાની વાતે જીદ કરીને ઝઘડા કરે છે.તેથી વારંવાર ઘર છોડીને નીકળી જાય છે.૧૮૧ ટીમે સાસરી પક્ષને જણાવેલ કે મહિલા સાથે મારઝુડ કરવી અને અપશબ્દો બોલવા એ કાયદાકીય રીતે ગુનો છે.

ત્યારબાદ ૧૮૧ ટીમ દ્વારા સલાહ સુચન અને માર્ગદર્શન આપેલ પોલીસ સ્ટેશન વિશે કાયદાકીય માહિતી આપેલ તેમજ મહિલા સાથે મારઝુડ ન કરવા અને અપશબ્દો ન બોલવા બાબતે લાંબી સમજાવટ આપવામાં આવી તેમજ મહિલાનું ધ્યાન રાખવા જણાવેલ. આમ મહિલા એ જીવનમાં ક્યારેય પણ આત્મહત્યાનો પ્રયાસ નહિ કરૂં અને આત્મહત્યાનો વિચાર પણ નહિ કરવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો અને રાજી-ખુશીથી તેમના પરિવાર સાથે રહેવા જણાવેલ જેને લઈ તેમના સાસરી પક્ષે અને જેની વાડીમાં મહિલા રહેતા હતા તે વાડીના માલિકે ૧૮૧ ટીમનો આભાર વ્યક્ત કર્યો છે.

# જાણીતા વકીલ હારૂન પલેજાની હત્યા કેસમાં સાયચા ગેંગના અત્યાર સુધી કુલ ૮ આરોપીઓ ઝડપાયા

## બાકીના ૭ આરોપીઓ લગભગ એક સપ્તાહમાં પોલીસની કેદમાં હશે જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલનું પત્રકાર પરિષદમાં મહત્વનું નિવેદન

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના જાણીતા વકીલ અને કોંગ્રેસના આગેવાન હારૂન પાલેજાની હત્યા મામલે ૧૫ લોકો સામે ગુનો નોંધાયા બાદ જામનગર પોલીસે અત્યાર સુધીમાં આઠ આરોપીઓને દબોચી લીધા છે. જ્યારે બાકીના આરોપીઓ પણ હાથવેંતમાં હોવાનું જાણવા મળ્યું છે. જામનગર એસપીએ કહ્યું હતું કે, બાકી રહેતા આરોપીઓને પણ આઠ દિવસમાં ઝડપી લેવાશે. શિક્ષિકાની આત્મહત્યાનો કેસ વકીલ હારુન પાલેજા લડી રહ્યા હોય તે કેસ જ તેની હત્યા માટે કારણભૂત બન્યો હોવાનુ સામે આવ્યું છે.જામનગરના વકીલ હારુન પાલેજાની હત્યાનો બનાવ બન્યો હતો. ત્યારે આ બનાવમાં સાયચા ગ્રુપનું નામ આવ્યું હતા જેમાં ટોટલ ૧૫



આરોપીઓ ફરિયાદ મુજબ સામેલ હતા. જ્યારે આ ગુનાની ઊંડાણપૂર્વક તપાસ કરવા માટે એસઆઇટીની રચના કરવામાં આવી હતી. જેમાં સીટી ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા ના સુપરવિઝનમાં એક આખી ટીમનું ગઠન કરવામાં આવ્યું હતું. જેમાં સાત લોકોની ટીમ બનાવવામાં આવી હતી જેમાં એલસીબી,એસઓજીના પી.આઈ અને લોકલ પોલીસના પ્રયાસથી ટોટલ ૮ આરોપીને પકડી પાડ્યા છે.બસીર જુસબ સાંયચા,ઈમરાન નૂરમમાદ સાયચા, સિકંદર ઉર્ફે સીકલો નૂરમામદ સાયચા,રમજાન સલીમ સાયચા,દિલાવર હુસેન કકલ, સુલેમાન હુસેન કકલ, અને બે આરોપી સગીર વયના આવેલા છે. અત્યાર સુધી ટોટલ આઠ આરોપીને પકડી પાડ્યા છે. તેમજ તપાસની પ્રક્રિયા હાલ આગળ ચાલુ છે. તેમજ હજી જે આરોપીને પકડવાના બાકી છે તેની પણ શોધખોળ હાથ ધરવામાં આવી છે.વકીલ હારુન પાલેજાની હત્યા પહેલા આરોપીઓએ વકીલની રેકી કરવામાં આવી હતી. પૂર્વયોજિત કાવતરું રચી હત્યાને અંજામ આપવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. વકીલની હત્યામાં જે ટોળકીની સંડોવણી ખુલ્લી છે તેની સામે હત્યાનો પ્રયાસ, પ્રોહિબિશન, ચોરી, રાયોટીંગ સહિતના ગુનાઓ નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે.

# મોરબીના જિલ્લા વિકાસ અધિકારીએ માધાપરવાડી શાળામાં CET પરીક્ષાની તૈયારીઓ કરતા વિદ્યાર્થીઓને સન્માનિત કર્યા

## મોરબીના જિલ્લા વિકાસ અધિકારીએ વિદ્યાર્થીઓને હોલ ટીકીટ અર્પણ કરી સ્પર્ધાત્મક પરીક્ષા માટે પ્રોત્સાહિત કર્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના જિલ્લા વિકાસ અધિકારી જે.એસ.પ્રજાપતિ શિક્ષણમાં ખુબજ રસ ધરાવે છે, આગામી 30 મી માર્ચ રોજ રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા ધો.૫ અને ૮ ના બાળકો માટે કોમન એન્ટ્રર્સ ટેસ્ટ CET ની પરીક્ષા લેવાનાર હોય છેલ્લા દોઢેક માસથી શિક્ષકો દ્વારા કસોટીઓ તૈયાર કરી મોરબી જિલ્લાની તમામ શાળાઓમાં કસોટીઓ લેવામાં આવે છે.દર રવિવારે પણ જુદા જુદા સેન્ટર પર સીઆરસી પર તજજ્ઞ શિક્ષકો બાળકોને પૂર્વ તૈયારીઓ કરાવે છે,જિલ્લા વિકાસ અધિકારી જે.એસ.પ્રજાપતિ અવારનવાર શાળાઓની CET વર્ગોની મુલાકાત લઈ શિક્ષકો અને વિદ્યાર્થીઓને પ્રેરણા અને પ્રોત્સાહન પુરા પાડે છે.ત્યારે આજે માધાપરવાડી કુમાર કન્યા શાળાની મુલાકાત લઈ વર્ગોમાં ચાલતાં શિક્ષણકાર્યનું




કમ્પ્યુટર લેબ,સાયન્સ લેબનું નિરીક્ષણ કર્યું, તેમજ અત્યાર સુધી કુલ ૧૦ ટેસ્ટ લેવાયેલ છે.જેમાં ધો.5-A માં પ્રથમ ત્રણ નંબર પ્રાપ્ત કરનાર આશા ચુનીલાલ પરમાર અંકિતા મનસુખભાઇ ડાભી,કૃપાલી દિલીપભાઈ પરમાર,5-B પૂજા કાંતિલાલ પરમાર,મિરલ રમેશભાઈ ચાવડા,શીતલ રમેશભાઈ ચાવડા,ધો.૮-અ જાનવી હિતેશભાઈ ભટ્ટ,દીક્ષિતા ભરતભાઈ ખંઢેરિયા, હેતવી ઈશ્વરભાઈ કંજારીયા,ધો.8-B માં શિલ્પા હરિલાલ પરમાર,રાજલ મનસુખભાઈ ડાભી,પ્રશંમ ગીરીશભાઈ નકુમ, કુમાર શાળાના ધો.૫ માં રોહિત નાગજીભાઈ વાઘેલા, રાહુલ મનસુખભાઈ પરમાર, શ્રવણ મણિલાલ હડિયલ,ધો.૮ માં હિરેન જયેશભાઇ પરમાર,અંકિત ધનજીભાઈ કંજારીયા, દિપકભાઈ માવજીભાઈ કંજારીયા વગેરે પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરનારને ડીડીઓના વરદ હસ્તે શૈક્ષણિક કીટ અર્પણ કરી પ્રોત્સાહિત કર્યા અને હોલ ટીકીટ અર્પણ કરી કોમન એંટર્સ ટેસ્ટમાં સર્વોત્તમ દેખાવ કરી મેરિટમાં સ્થાન પ્રાપ્ત કરી મોરબી જિલ્લાનું ગૌરવ વધારો ભવિષ્યમાં બાળકો સરકારના ઉચ્ચ પદો પ્રાપ્ત કરો એવી શુભેચ્છાઓ પાઠવી મોટિવેશન પૂરું પાડ્યું હતું.આ તકે ડી.આર.ગરચર નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ઉપસ્થિત રહ્યા હતા,સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા તુષારભાઈ બોપલીયા આચાર્ય કુમાર શાળા અને દિનેશભાઈ વડસોલા આચાર્ય કન્યા શાળા તેમજ બંને શાળાના સ્ટાફે ખુબજ જહેમત ઉઠાવી હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# લોધિકાના પીપળીયાપાડ ગામે દેશી તમંચા સાથે શખ્સ ઝડપાયો

## રૂરલ એસોજીની ટીમે ચોક્કસ બદલીના આધારે શખ્સને દબોચી લઈ બે જીવતા કાર્ટેજ સહિત રૂા.૧૦,૨૦૦ના મુદ્દામાલ કબજે કર્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં લોકસભાની ચૂંટણી પૂર્વે કોઈ અનિચ્છનીય બનાવ ન બને જે માટે પોલીસ દ્વારા હથિયારનો કરવાનો ધરાવતા લોકોને હથિયાર જમા કરાવવા અંગે જાહેરનામું બહાર પડાઈ હોય તે દરમિયાન લોધિકાના પીપડીયાપાડ ગામે એક શખ્સ પાસે ગેરકાયદેસર હથિયાર હોવાની હકીકત મળતા રૂરલ એસોજી ની ટીમે દબોચી લઈ ₹૧૦,૨૦૦ ની કિંમત નું દેશી બનાવટનો તમંચો અને બે જીવતા કાર્ટટીસ કબજે કરવામાં આવ્યા છે.





અંગેની માહિતી મુજબ રૂરલ એસ.ઓ.જી પારગી ની સૂચનાથી પીએસઆઇ બીસી મિયાત્રા એએસઆઇ અતુલભાઇ તથા જય વીર સિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ મીના આધારે લોધિકા તાલુકાના આવેલ યશવીર નામના કારખાના ની બાજુમાં થી દ્વારકાધીશ જાની કેબીન પાસે પ્રકાશ ઉર્ફે બલવા ચુડાસમા નામના શખ્સને દબોચી લઈ તેની પાસેથી દેશી બનાવટનો તમંચો કિંમત રૂપિયા ૫૦૦૦ તથા બે જીવતા કાર્ટેજ સહિતનો મુદ્દા માલ કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ૧૨૦ કરોડના ખર્ચે બનેલી જનાના હોસ્પિટલમાં પાણીના અભાવ બાદ દર્દીના સગા માટે જમવા બેસવાની વ્યવસ્થા જ નથી..?

## અગાઉ જુની હોસ્પિટલમાં લોકો માટે શેડ બનાવાયો'તોઃ હાલ લોકોને જમવા માટે આકરા તાપમાં બેસવુ પડે છેઃ સેવાભાવી સંસ્થા દ્વારા વોટર કુલરની વ્યવસ્થા કરાઈ







**મુખ્ય સમાચાર, રાજકોટ**

વડાપ્રધાનના હસ્તે લોકાર્પણ કરવામાં આવેલી રાજ્યની સૌપ્રથમ ૧૧ માળની ૧૨૦ કરોડની જનાના હોસ્પિટલમાં સુવિધાના કારણે કાળો કકળાટ મચ્યો છે. પાણી અને ભોજનમાં અવ્યવસ્થાથી દર્દી અને તેની સાથે આવનાર લોકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. છતાં નિભંર હોસ્પિટલના તંત્રનું પેટનુ પાણી હલતું નથી. સેવાભાવી સંસ્થા દ્વારા જનાના હોસ્પિટલમાં સારવાર માટે આવતા ગરીબ દર્દીઓ અને તેના પરિવારજનો માટે નિશૂલ્ક ભોજન આપવામાં આવે છે. દૈનિક બપોર-સાંજ ૨૫૦થી ૩૦૦ લોકોને ભોજન આપવામાં આવે છે. અગાઉ જૂની હોસ્પિટલ વખતે આ સંસ્થાને શેડ આપવામાં આવ્યો હતો. પરતું નવી હોસ્પિટલ બનાવતી વખતે આ શેડ તોડી પાડવામાં આવ્યો છે. બાદમાં હોસ્પિટલનું લોકાર્પણ થયા બાદ દર્દીઓની સારવાર શરૂ કરવામાં આવતા જ તંત્રને એક પછી એક ખામીઓ ઉડીને આંખે વળગે ળ. લવર કરોડની હોસ્પિટલમાં પાણીનું જોડાણ નહી આપવામાં આવતા હોસ્પિટલમાં પાણીની તંગી થઈ છે. આથી બહારથી પાણીના ટેન્કર મંગાવવા પડયા છે. મહાપાલિકા તંત્રને પાણીનું કનેકશન આપવા માટે હોસ્પિટલના તંત્રએ જાણ કરી છે. પરતું કોઈ કારણોસર મહાપાલિકા જોડાણ આપતું નથી.

દરમિયાન હોસ્પિટલના પરીસરમાં સેવાભાવી સંસ્થા દ્વારા આવા કાળઝાળ ઉનાળામાં પરિવારોને ખૂલ્લામાં ભોજન આપવામાં આવી રહ્યું છે. પરિસરમાં પીવાના પાણીની કોઈ વ્યવસ્થા નહી હોવાના કારણે પાણી માટે લોકોને આમતેમ ભટકતા હતા છતાં પણ તંત્રને દયા ન આવી અંતે સેવાભાવી સંસ્થાએ પોતાના ખર્ચે બે વોટર કુલર મુકી લોકોની તરસ અને જઠરાગ્નિ સંતોષી રહ્યા છે.

# સિવિલ હોસ્પિટલમાં ગેરવહીવટના પગલે તબીબી અધિક્ષકને કલેકટરનું તેડુ

## યોગ્ય સારવારના અભાવે દર્દીના મોતની ઘટના બાદ અધિક કલેકટર ચેતન ગાંધીએ તબીબોની ટીમ સાથે હોસ્પિટલની કરેલી તપાસણીમાં ગેરવહીવટ ખુલતા ખુલાસો મંગાશે!

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માંગવામાં આવનાર સિવીલ હોસ્પિટલમાં રાજયના એક મંત્રીના પરીચિત દર્દીની સારવાર માટે તબીબી અધિક્ષક ડો.ત્રિવેદીનું ધ્યાન દોરવા છતા યોગ્ય સારવારના અભાવે આ દર્દીનું મોત થતો અને બાબતે કલેકટર તંત્રનું ધ્યાન દોરવામાં આવેલ હતું.

સિવીલ હોસ્પિટલમાં દર્દીઓની તબીબી સારવારમાં લાપરવાહી રખાતી હોવાની સમયાંતરે ફરિયાદો ઉઠતી રહી છે. આ દરમિયાન યોગ્ય સારવારના અધિક્ષક ત્રિવેદી પાસેથી ખુલાસો અભાવે એક દર્દીનું મોત થયાની ઘટના પ્રકાશમાં આવતા ગઈકાલે અધિક્ષક કલેકટર ચેતન ગાંધીએ તાબડતોબ તબીબોની ટીમ સાથે સિવીલ હોસ્પિટલ ખાતે દોડી જઈ કરેલી તપાસણીમાં કેટલીક બાબતોમાં ગેરવહીવટ ખુલ્યો હતો.

જેના પગલે કલેકટર પ્રભવ જોશીએ સાંજના પાંચ કલાકે સિવીલ હોસ્પિટલના (ડ(ડ અધિક્ષક ડો.આર.એસ.ત્રિવેદીને કલેકટર કચેરી ખાતે બોલાવવામાં આવેલ છે. જેમાં હોસ્પિટલના ગેરવહીવટના મુદ્દે તબીબી જેના પગલે કલેકટર પ્રભવ જોશી દ્વારા અધિક કલેકટર ચેતન ગાંધી તેમજ જિલ્લા પંચાયતના તબીબોની ટીમને સિવીલ હોસ્પિટલમાં દોડાવી તપાસ કરાવી હતી.આ દરમિયાન હોસ્પિટલમાં કેટલીક બાબતોમાં ગેરવહીવટ ખુલ્લો પડેલ હતો હોસ્પિટલની તપાસણી બાદ સ્થળ પર જ કેટલાક આદેશ કરી દેવામાં આવેલ હતાં. જેમાં મેડીકલ ઓફીસર ટીમ પર જાય ત્યારે તેમનો ચાર્જ આપી કલેકટરને રિપોર્ટ કરવા તેમજ દર્દીની તપાસનું રજિસ્ટ્રાર નિભાવવા સહિતની સુવિધા આપી હતી. દરમિયાન આજે સાંજે પાંચ વાગ્યે આ ઘટનામાં કલેકટર પ્રભવ જોશી દ્વારા સિવીલ હોસ્પિટલના તબીબ અધિક્ષક ત્રિવેદીને કલેકટર કચેરી ખાતે સાંજે ૫ કલાકે ઉપસ્થિત રહેલા ફરમાન કરવામાં આવેલ છે.

# શહેરમાં વધુ ત્રણ વ્યક્તિઓના હૃદય ધબકારા ચુકી ગયા

## લક્ષ્મીવાડીમાં બેંકના નિવૃત્ત કલાર્ક, યુનિવર્સિટી રોડ પર બાંધકામ સાઈટ પર શ્રમિક અને વાવડીમાં વૃધ્ધનું બેભાન હાલતમાં મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં બેંકના નિવૃત કલાર્ક, બાંધકામ સાઈટ ઉપર શ્રમિક અને વાવડીમાં વૃદ્ધનું હાર્ટએટેકથી મોત નીપજ્યું છે.


શહેરના લક્ષ્મીવાડીમાં રહેતા બેંકના નિવૃત કલાર્ક લાલજીભાઈ માધુભાઈ ચૌહાણ ઉ.૭૦ નામના વૃદ્ધ ઘરે કોઈ વસ્તુ ઉતરતા હતા ત્યારે હૃદય રોગનો હુમલો આવતા ખુરશી ઉપરથી પટકાતા હોસ્પીટલે ખસેડાયા હતા પરંતુ અહીં મોત નીપજ્યું હતું ભક્તિનગર પોલીસની તપાસમાં મૃતકને સંતાનમાં બે પૂત્ર અને બે પુત્રી હોવાનું જાણવા મળ્યું છે જયારે હરીધવા રોડ ઉપર કિરણ સોસાયટીમાં રહેતા રાજેશભાઈ વિઠ્ઠલભાઈ કાચા ઉ.૪૭ યુનીવર્સીટી રોડ ઉપર બાંધકામ સાઈટ ઉપર કડીયાકામે ગયા હતા ત્યાં જમીને બેઠા બાદ હાર્ટએટેક આવી જતા મૃત્યુ થયું હતું પ્રૌઢના મોતથી એક પૂત્ર અને બે પુત્રીએ પિતાનું છત્ર ગુમાવ્યું છે તેમજ ગોંડલ રોડ ઉપર પુનીતનગર વાવડીમાં રહેતા અને દરજીકામ કરતા ધર્મેન્દ્રભાઈ બાબુલાલ પંચાસરા ઉ.૫૭ નામના વૃદ્ધ સવારે ઘરે બેભાન થઇ જતા સિવિલ હોસ્પીટલે ખસેડાયા હતા પરંતુ અહીં હાર્ટએટેકથી મોત થયાનું જાહેર કરતા તાલુકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી મૃતક બે ભાઈ ત્રણ બહેનમાં મોટા હોવાનું જાણવા મળ્યું છે.

# ગોંડલ પાસે રૂા.૧૪.૭૫ લાખનો દારૂ-બિયરનો જથ્થો ભરેલો ટ્રક ઝડપાયો

## તાલુકા પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવી ગોમટા ચોકડી પાસેથી દબોચી લઈ એક શખ્સની ધરપકડ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગોંડલ તાલુકા પોલીસએ પૂર્વ બાતમીના આધારે નેશનલ હાઈવે ગોમટા ચોકડી પાસેથી વિદેશી દારૂ તથા બિયર ભરેલા ટ્રકને ઝડપી લઈ ટ્રક ડ્રાઈવરની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી.





આ અંગેની માહિતી મુજબ વિદેશી દારૂ સાથેનો ટ્રક પસાર થવાની બાતમી તાલુકા પોલીસને મળતા પીએસઆઈ ઝાલા સહિત સ્ટાફ ગોમટા ચોકડી પાસે વોચમાં હતો ત્યારે જી.જે.૨૭.ટીટી ૩૮૭૧ નંબરનો ટ્રક પસાર થતા તેને અટકાવવા અને તલાશી લેતા વિદેશી દારૂની ૪૫૮ બોટલ તથા ૨૪ બીયરનાં ટીન મળી આવતા ટ્રક સહિત રૂ.૧૪.૭૫ લાખનો મુદ્દામાલ કબજે કરી ટ્રક ડ્રાઈવર જૂનાગઢનાં એરપોર્ટ રોડ પર રહેતા ભોજા પૂંજાભાઈ સિંધલની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

અંગેની વધુ માહિતી મુજબ ગોંડલ તાલુકા પોલીસ મથકના પીએસઆઇ જે એમ ઝાલા ની સૂચનાથી હેડ કોન્સ્ટેબલ રૂપકભાઈ કોન્સ્ટેબલ રણજીતભાઈ ધાંધલ સહિતનો સ્ટાફ ગોંડલ પોરબંદર હાઇવે પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે ગોમતા ચોકડી પાસે આવેલા બોર્ડ સિમેન્ટ કંપનીના રસ્તે વાવડીના વિંડા પાસે વોચ ગોઠવી હતી તે દરમિયાન એક ટ્રક શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેને અટકાવી તલાસી લેતા ટ્રકમાં ચોરખાનું બનાવીને છૂપાવેલો વિદેશી દારૂનો જથ્થો મળી આવતા પોલીસે અલગ અલગ બ્રાન્ડની ૪૫૮ બોટલ દારૂ અને બિયરનો જથ્થો કબજે કરી પ્રાર્થના ચાલક કેશોદના એરપોર્ટ રોડ પર પતરા કુવા પાસે રહેતો ભોજા પૂજા સિંગલ નામના રબારી શખ્સની ધરપકડ કરી દારૂનો જથ્થો અને ટ્રક સહિત ₹૧૪.૭૫ લાખનો મુદ્દા માલ કબજે કરી વધુ તપાસ કરી છે.

# ભગવતીપરામાં રાત્રે લઘુશંકા કરવા ગયેલી - સગીરાને પાડોશી શખ્સે બથ ભરી કરી છેડતી

## છેડતી અને પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીને ઝડપી લેવા પોલીસે ચક્રો કર્યા ગતિમાન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરના ભગવતીપરા વિસ્તારમાં દાદી સાથે રહેતી ૧૫ વર્ષિય સગીરા મોડીરાત્રે લઘુશંકા કરવા ઘરની બહાર નીકળતાં પાડોશી શખ્સે ખરાબ ઈશારા કરી છેડતી કરી બથ ભરી લીધી હતી. જે અંગે સગીરાના દાદીએ બી-ડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે છેડતી અને પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ ભગવતીપરા વિસ્તારમાં રહેતા વૃધ્ધાએ બી-ડીવીઝન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે તેજ વિસ્તારમાં રહેતા વિજય ઉર્ફે ગંગુનું નામ આપ્યું છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ તેની સાથે તેની ૧૫ વર્ષિય પૌત્રી જે ધોરણ ૯માં અભ્યાસ કરતી હોય જે તેની સાથે રહે છે. દરમિયાન ગત મોડીરાત્રે અઢી વાગ્યાના અરસામાં પૌત્રી લઘુશંકા કરવા માટે ઘર બહાર નીકળી હતી. તેણી ઘણીવાર થવા છતાં ઘરમાં ન આવતાં ફરિયાદીની પૌત્રી બહાર જતાં આરોપી વિજય ઉર્ફે ગંગુ સગીરાને ગાળો આપતો હોય જેથી સગીરાને આ બાબતે પુછતાં તેણે જણાવેલું કે તેણી લઘુશંકા કરવ્ય માટે બહાર આવી ત્યારે આરોપી વિજય ઉર્ફે ગંગુ ખરાબ ઈસારા કરી તેને બોલાવતો હોય જેથી તેણીએ જવાની ના પાડતાં આરોપીએ તેની પાસે આવી બથ ભરી લીધી હતી. જેથી સગીરા ગભરાઈ જઈ ત્યાંથી ઘર નજીક આવી જતાં આરોપી તેને ગાળો દેવા લાગ્યો હતો. આમ વાત કરતાં પરિવારજનોએ બી-ડીવીઝન પોલીસ મથકમાં જાણ કરી હતી.

બી ડીવીઝન પોલીસ મથકના પીએસઆઈ એમ.આઈ.શેખે સગીરાના દાદીની ફરિયાદ પરથી આરોપી વિજય ઉર્ફે ગંગુ સામે છેડતી અને પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરવા તજવીજ હાથ ધરી છે.

# બોટાદના કુંડલી ગામે માસુમ પુત્ર સાથે પિતાનો ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાતઃ બંનેના મોત

**મુખ્ય સમાચાર રાજકોટ**

બોટાદ તાલુકાના કુંડલી ગામે આવેલા રેલ્વે ફાટક નજીક માસુમ પુત્ર સાથે પિતાએ ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરી લેતા પ્રસરી જવા પામી છે બનાવના પગલે પોલીસ કાપલો ઘટના સ્થળે દોડી જઈ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.



આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ આજે સવારે બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના ધારપીપળા ગામે રહેતા હસમુખભાઈ પ્રભુભાઈ સાકરીયા તેના માસુમ પુત્ર કુલદીપને સાથે લઈ બાઇક પર નીકળી ગયા હતા. બાદમાં બોટાદના કુંડળી ગામ પાસે આવેલા રેલવે ફાટક નજીક હસમુખભાઈએ તેના માસુમ પુત્ર કુલદીપ સાથે ટ્રેન હેઠળ ઝંપલાવી આપઘાત કરી લેતા બંનેના કમ કમાટી ભર્યા મોત નીપજ્યા હતા બના અંગેની જાણ પોલીસને કરવામાં આવતા પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગઈ પ્રાથમિક તપાસ હાથ ધરી હતી હસમુખભાઈએ માસુમ પુત્રને સાથે રાખી આપઘાત કરવા પાછળનું કારણ શું હોય તે દિશામાં પોલીસે તપાસ હાથ ધરી છે

# રાજકોટના વિવાદીત તબીબની દુષ્કર્મ અને સુષ્ટિ વિરુધ્ધના કૃત્યના ગુનામાં જામીન અરજી રદ

## બીજી પત્નીએ રજીસ્ટર્ડ મેરેજ કર્યા બાદ નોંધાવેલી ફરિયાદમાં ધરપકડ થઈ'તી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

અગાઉ બોગસ દવાખાના અને કોડીનારના યુવકના અપહરણથી ચર્ચામાં આવેલા તેમજ કુવાડવા રોડ ખાતે હોટેલ ચલાવતા શ્યામ રાજાણી સામે તેની બીજી પત્નીએ રજીસ્ટર્ડ મેરેજ કર્યા બાદ નોંધાવેલ દુષ્કર્મના ગુનામાં શ્યામ રાજાણીએ કરેલી જામીન અરજી કોર્ટે નામંજૂર કરતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ ભોગ બનનાર આજથી આશર ચારેક વર્ષ પૂર્વે જન્મદીવસ પાર્ટીમાં ગયા હતા. અને ત્યારે મિત્ર સાથે શ્યામ રાજાણીની મુલાકત થઈ હતી. ત્યારબાદ ભોગ બનનારને કહેલ કે મારે તારી સાથે બોયફ્રેન્ડની સબંધ રાખવો નથી અને હું તારી સાથે લગ્ન કરવા માગુ છુ અને શ્યામ રાજાણીએ

વર્ષ ૨૦૧૯ માં કહેલ કે જો તું મારી સાથે મેરેજ કરીશ તો હું બીજી છોકરી સાથે સબંધ છે તેને હું ના પાડી દઈશ જેથી ફરિયાદીએ લગ્ન માટે હા પાડેલ અને રાજકોટ મુકામે રજીસ્ટર્ડ મેરેજ કર્યા હતા. ત્યારબાદ રાજકોટમાં શ્યામે રાખેલ હોટલ ટીજીબી નામની ત્યા બન્ને આશરે દોઢેક માસ પતિ પત્ની તરીકે રહ્યા હતા. અને મોટી બહેનના લગ્ન થઈ જાય પછી સમાજના રીત રીવાજ મુજબ લગ્ન કરવાનું કહ્યું હતું. ત્યારબાદ શંકા કુ-શંકાઓ કરી ભોગ બનનારની મરજી વિરુધ્ધ બળજબરીપૂર્વક શારીરિક સંબંધ બાધતો હતો અને ફરિયાદી શરીર સબંધ બાધવાની ના પાડે તો મારકુટ પણ કરતો હતો જેથી કંટાળીને મહિલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. મહિલા પોલીસે ફરિયાદના આધારે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. જેલ હવાલે રહેલા શ્યામ રાજાણીએ પોતાના એડવોકેટ મારફત સેસન્સ કોર્ટમાં જામીન અરજી દાખલ કરી હતી. જે જામીન અરજી ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ સરકાર પક્ષે રોકાયેલા સરકારી વકીલ અને મૂળ ફરિયાદીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટે આરોપી શ્યામ રાજાણીની જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો હતો.

આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ મહેશભાઇ જોશી અને મૂળ ફરિયાદી વતી વકીલ કુલદીપસિંહ બી.જાડેજા, શિવરાજસિંહ ઝાલા, રવિરાજસિંહ પરમાર, રીકલ પરમાર, હેતલ ભટ્ટ, જ્યોત્સનાબા જાડેજા રોકાયા હતા.

# ગ્રીનલેન્ડ ચોકડી પાસે માલધારી સોસાયટીમાં જુગાર રમતા છ શખ્સો ઝડપાયા

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામા કાંઠે કુવાડવા રોડ પર ગ્રીનલેન્ડ ચોકડી પાસે બી ડિવિઝન પોલીસના પી.એસ.આઇ કેડી મારુ કોન્સ્ટેબલ પંકજભાઈ સહિતનો સ્ટાફ પેટ્રોલિયમમાં હતા તે દરમિયાન ચોક્કસ બાતમીના આધારે કરણાભાઈ માલધારી ના ગાર્ડન પાછળ આવેલ માલધારી સોસાયટીમાં કેટલાક શખ્સો જુગાર રમતાઓની હકીકતના આધારે પોલીસે દરોડો પાડતા જુગાર રમતો ભૂપત રઘુ બોસરિયા ધર્મેન્દ્ર ભગવતી પ્રસાદ નિષાદ અરુણ ભગવતી પ્રસાદ નિશાદ હેમત કાશીરામ અમરસિંહ નિશા કૃષ્ણ બજરંગી પ્રસાદ સહિત છ શખ્સોની ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડા રૂપિયા ૩૫,૧૩૦ નો મુદ્દા માલ કબજે કરી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# શહેરમાં ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન ખોટી નંબર પ્લેટ લગાવીને નિકળેલા ૧૦ વાહન ચાલકો વિરુદ્ધ ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં આગામી લોકસભાની ૨૦૨૪ ની ચૂંટણી પૂર્વે સલામતીના ભાગરૂપે શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ દ્વારા શહેરના તમામ રાજમાર્ગો પર વાહન ચેકિંગ સંઘન બનાવવામાં આવ્યું છે જેથી શહેરમાં કોઈ આવારા તત્વો ગેરકાયદેસર પ્રવૃત્તિ ન કરી શકે અને ગુનેગારો પર બાજ નજર રાખી શકાય જેથી શહેરમાં ટ્રાફિક ડ્રાઈવ રાખવામાં આવ્યું હોય તે દરમિયાન ઈ મેમો થી બચવા માટે વાહન ચાલકો ખોટી નંબર પ્લેટ લગાવીને નીકળતા હોવાની હકીક્તના આધારે પોલીસે યુનિવર્સિટી રોડ પર પંચાયત ચોક પાસે વાહન ચેકિંગ ડ્રાઈવ રાખવામાં આવી હતી તે દરમિયાન સીસીટીવી કેમેરા થી બચવા અને દંડ ન ભરવો પડે તે માટે આરટીઓ દ્વારા ફાળવવામાં આવેલી માનનીય રજીસ્ટર નંબર પ્લેટ ના બદલે ખોટી નંબર પ્લેટ લગાવીને નીકળેલો પારસ એપાર્ટમેન્ટમાં રહેતો દુષ્યંત ગોવિંદ કલારીયા તથા જીવરાજ પાર્ક નજીક હતા સ્કૂલ પાસે રહેતો ભાવિન રસિક વેગડ તથા વાજડી ગામે રહેતો વિશ્વજીતસિંહ ભીખુભા સોલંકી તથા કોઠારીયા સોલવન્ટ પાસે રહેતો પ્રભાત કાનજી પરમાર કોટડા નાયાણી ગામે રહેતો શૈલેન્દ્રસિંહ મહેન્દ્રસિંહ જાડેજા ભક્તિનગર સર્કલ પાસે જલારામ ચોકમાં રહેતો હિરેન ચંદુ પાથર યોગીનગરમાં રહેતો અભી જીતેન્દ્ર ડઢાણીયા ભક્તિનગર સર્કલ પાસે યોગ ધર્મ એપાર્ટમેન્ટમાં રહેતો ઉત્સવ પિયુષ નીનામત તથા સંજય વાટિકા માં રહેતો રાજેશ બાબુ ચૌહાણ અને શિલ્પ અને ઓનેસ્ટ માં રહેતો હર્ષ નીતિન વાછાણી સહિતના ૧૦ શખ્સો વિરુદ્ધ ખોટી નંબર પ્લેટ લગાવીને નીકળવાનો ગુનો નોંધી પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

# લોધિકાના માખાવડ ગામની પરિણીતાને સાસરિયાઓનો ત્રાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

લોધિકાના માખાવડ ગામે સાસરુ ધરાવતી રંજનબેન રમેશભાઈ ચાંડપાએ પતિ રમેશ દેવા ચાંડપા, સાસુ કેશુબેન અને રાવકી રહેતા માસીજી સાસુ દેવુબેન પીઠાભાઈ ચાવડા સામે લોધિકા પોલીસમાં શારીરિક માનસિક ત્રાસ આપી છરીથી હુમલો કરવા અંગે ફરિયાદ નોંધાવી છે.

હાલ ગંજીવાડામાં માવતરે રહેતા રંજનબેનએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે લગ્ન ૨૦ વર્ષ પહેલા થયા છે ગત બપોરે હું ઘરે હતી ત્યારે સાસુએ મને કહેલ કે, તે કાલે સાંજે કેમ નોનવેઝ ખાધું હતું? જેથી મેં કહેલ મારે દવા ચાલુ હોય જેથી મે નોનવેઝ ખાધુ હતું. તેમ કહેતા સાસુ તથા માસીજી સાસુએ ઉશ્કેરાઈને ઘરનું કંઈ કામ કરતી નથી, તારે બહારનું જ ખાવું છે કહીં ઢીકાપાટુનો માર માર્યો હતો પતિને ખોટી વાત કરી ઉશ્કેરતા પતિએ ધોકાથી માર મારી, પછાડી દેતા સસરાએ બચાવી હતી ત્યાં પતિ છરી લઈને આવેલ અને પગમાં છરીનો ઘા મારી દેતા લોહી નિકળવા લાગતા મારા સસરા, મારા જેઠ જીવણભાઈ રીક્ષામાં બેસાડી મારા પિયર મુકવા આવતા હોય ત્યારે પતિ અને સાસુએ બાઈકમાં આવી દવાખાનામાં પ્રાથમિક સારવાર અપાવી પછી મને મારા પિતાના ઘરની બહાર મુકી જતા રહ્યા હતા. પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

# આટકોટમાં વૃધ્ધે પરિણીત પુત્રીના વિરહમાં ઝેરી દવા પી કર્યો આપઘાત

## શાપરમાં નાનાભાઈ સામે ઝઘડો કરવા બાબતે પિતાએ ઠપકો આપતા યુવાનનો આપઘાતનો પ્રયાસ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

આટકોટમાં રહેતા વૃદ્ધે પરિણીત પુત્રીના મૃત્યુના વિરહમાં ઝેરી દવા પી લીધી હતી. વૃદ્ધના આપઘાતથી પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી.

આ અંગેની માહિતી મુજબ આટકોટમાં પાણીના ટાંકા પાસે આવેલા સરદાર ચોકમાં રહેતા વલ્લભભાઈ બચુભાઈ કુવરીયા નામના ૬૫ વર્ષના વૃદ્ધ પોતાના ઘરે હતા ત્યારે સવારના નવેક વાગ્યાના અરસામાં ઝેરી દવા પી લીધી હતી. વૃદ્ધને ઝેરી અસર થતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં વૃદ્ધનું મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાથમિક પૂછપરછમાં મૃતક વલ્લભભાઈ કુવરીયા પાંચ ભાઈ એક બહેનમાં વચ્ચેટ હતા. અને તેમને સંતાનમાં ચાર પુત્ર અને એક પુત્રી હતી પુત્રી હેતલના લગ્ન થઈ ગયા બાદ પુત્રી હેતલે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો મૃતક પુત્રીના વિરહમાં પિતા વલ્લભભાઈ કુવરીયાએ ઝેરી દવા પી આપઘાત કરી લીધો હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત બીજા બનાવમાં શાપર વેરાવળમાં આવેલી કંપનીમાં કામ કરતા પરિવારના ગૌરવ સંજયભાઈ શાહ નામના ૧૮ વર્ષના બિહારી યુવાને નાનાભાઈ સાથે ઝઘડો કર્યો હતો જે અંગે પિતા સંજયભાઈ શાહે પુત્ર ગૌરવ શાહને ઠપકો આપ્યો હતો પિતાના ઠપકાથી માઠુ લાગી આવતા ગૌરવ શાહે પગના દુખાવાની વધુ પડતી દવા પી લીધી હતી. યુવકની તબિયત લથડતા સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત બંને બનાવ અંગે પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.